ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૧૩

*પ્રેરક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

*સંપાદક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.*


❖ આવૃત્તિ-ચોથી ❖ તા.૧૫-૧૦-૧૬, નકલ : ૩૦૦૦

❖ પૂર્વની નકલ : ૨૨,૦૦૦ (૨૦૧૪ થી ૨૦૧૬ સુધી)

કિંમત ₹ ૨-૦૦


## પ્રાપ્તિસ્થાનો

**અમદાવાદ :**

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

---

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫**

**જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨**

**જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮**

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૧,૦૦૦ નકલ છપાઈ**

## મારે કંઈક કહેવું છે.

માત્ર ૯ માસમાં આ તેરમાં ભાગની ત્રીજી આવૃત્તિ ખલાસ થઈ તે વિચારી પુસ્તકપ્રેમી દરેકે આનો પ્રચાર તથા પ્રકાશનમાં યથાશક્તિ લાભ લેવો જોઈએ.

**નૂતન વર્ષાભિનંદન** સહિત પ્રગટ થતા આ પુસ્તકમાં પ્રેરક શ્રેષ્ઠ પ્રસંગો વારંવાર મમળાવવાથી આત્માને પુષ્ટ કરશે. અનંતગુણી આતમાનો સહજ સ્વભાવ ગુણપ્રેમ છે. હળુકર્મી જીવોને બીજા ગુણીજનોને જોઈ, સાંભળી, આત્મિક આનંદ, પ્રસન્નતા, સ્ફૂર્તિ પ્રગટે છે ! તેથી જ **કાંઈક વિશિષ્ટ ધર્મ, ગુણો વગેરે આ પુસ્તકમાં વાંચી ઘણાં આ વારંવાર વાંચે છે. વત્તો-ઓછો ધર્મ જીવનમાં વધારે છે !** ન કરી શકનારને થોડું પણ હું કરતો નથી વગેરે વસવસો મનમાં રહ્યા કરે છે. એમ આ પુસ્તકો વાંચવાથી બધાંને થોડો-ઘણો લાભ થાય છે !

આત્માર્થીઓએ પારમાર્થિક લાભ મેળવવા આ ઊંચા ધર્માત્માઓને સાચા દિલથી પ્રણામ કરી, એમના પ્રત્યે આદર-બહુમાન ખૂબ વધારી આ બધી આરાધનાઓ પૈકી બધી કે ભાવ-ઉલ્લાસ પ્રમાણે વત્તી-ઓછી સાધના કાયમ કે પર્વે કે ૪-૮ માસે કરવા સંકલ્પ કરવો. **જે શક્ય હોય તેની નોંધ કરી તે ડાયરી રોજ કે અઠવાડિયે વાંચવી, જેથી જીવન ધર્મમય બનશે.**

કલિકાળના વિષમ વાતાવરણમાં સર્વત્ર સ્વાર્થ અને પાપાચારો વધી રહ્યાં છે. ત્યારે આવા ધર્માત્માઓને ખૂબ ખૂબ ધન્યવાદ કે જે પોતાનું કલ્યાણ તો કરે છે, સાથે તેમના **સદાચાર જોઈ, વાંચી અનેક ભવ્યોને આવી આરાધનાઓની વિશિષ્ટ પ્રેરણા મળે છે.** પ્રસંગોની આ પુસ્તિકા વિષે ઘણાં કહી ગયાં કે પ્રસંગો ખૂબ સુંદર, પ્રેરણાદાયી છે. માત્ર વાંચવાથી પણ ઘણાંને હર્ષ, શ્રદ્ધા, પ્રેરણા, હિંમત, ઉલ્લાસ, અનુમોદના વગેરે ઘણાં લાભ થાય છે ! વાંચી **સેંકડો ભાવિકોએ બીજાઓના આત્મહિત માટે આની સેંકડોમાં પ્રભાવના કરી છે.**

## ૧. આનું નામ સાચી કલ્યાણ મિત્ર માતા

"સાધ્વીજી ભગવંત ! આ મારો ૧૨ વર્ષનો દીકરો છે, થોડાક જ સમય પહેલા એને માંદગી આવી, છેવટે રિપોર્ટ કરાવતા ખ્યાલ આવ્યો કે એને છેલ્લા સ્ટેજનું કેન્સર થયેલું છે. એ હવે વર્ષો તો નહિ, પણ મહિનાઓ કાઢે તો પણ ઘણું છે."

મુંબઈ મોહમયી નગરીના એક ઉપાશ્રયમાં સાધ્વીજી ભગવંત પાસે દીકરા સાથે વંદન-દર્શન માટે પહોંચેલી આધુનિક જમાનાની છતાં ધર્મના રંગે રંગાયેલી એક માતાએ ભીના સ્વરે પોતાના લાડીલા દીકરાના મૃત્યુની આગાહી કરી દીધી. મુખ્ય સાધ્વીજી ભગવંત અવાચક બની ગયા. શું જવાબ આપવો ? શું આશ્વાસન આપવું ? એ સમજી ના શક્યા. પણ સાધ્વીજી કાંઈ બોલે, એ પૂર્વે જ એ મમ્મી બોલવા લાગી, "સાહેબજી ! મારા ઘરે આવેલો આ આત્મા કોઈ પણ ભોગે દુર્ગતિમાં તો ના જ જવો જોઈએ. મારી આ એક જ ભાવના છે, **મારો દીકરો તો મારે ગુમાવવો જ પડવાનો પણ દીકરો સદ્ગતિ ના ગુમાવી દે એ મારી ઈચ્છા છે. હું આપની પાસે એ માર્ગદર્શન લેવા આવી છું કે એવું શું શું કરું કે જેથી આ છેલ્લા દિવસો-મહિનાઓ મારો દીકરો અત્યંત ધર્મમય જીવન જીવીને સદ્ગતિને પામે!!"** બહેન બોલ્યા અને વ્હાલથી એમનો હાથ દીકરાના મસ્તકે અને પીઠ પર ફરવા લાગ્યો. શબ્દોમાં વેદના, ખુમારી, લાગણી બધું જ એક સાથે ભેગું થયું હતું. સાધ્વીજી બોલ્યા, "તમારી ભાવના અતિ ઉત્તમ છે. પણ એ માટે હવે તમારે સખત ભોગ આપવો પડશે. પહેલી વાત તો એ

કે હૈયું પથ્થર જેવું કઠોર બનાવવું પડશે. રડવાનું નહિ. દીન બનવાનું નહિ. પૂરી મક્કમતા રાખવાની. આ મંજૂર કરો, બાધા લો, પછી બીજી વાત !''

''કબૂલ છે સાહેબજી ! માનું હૈયું છે એટલે દીકરાની વધતી જતી એ વેદનાઓને એ શી રીતે મૂંગા મોઢે કે હસતા મોઢે જોઈ શકે ? છતાં આપી દો બાધા ! એના પ્રાણ નીકળ્યા બાદ જ મારી આંખમાંથી આંસુ ટપકશે, એ પૂર્વે કદાપિ નહિ.'' સાધ્વીજીએ બાધા આપી અને એ પછી આરાધનાઓ સૂચવી. **નિત્ય અષ્ટપ્રકારી પૂજા, પુણ્યપ્રકાશનું સ્તવન, સારા પુસ્તકોની વાતો કહેવી, મરણ વખતે પ્રસન્ન રહેનારા મહાપુરુષોની કથાઓ કહેવી...** રોગ આગળ વધે અને છેલ્લે પથારીવશ બનવાનું થાય **તો ઘરે એક રૂમમાં ચારે બાજુ તીર્થના- પ્રભુજીના મોટા ફોટાઓ લગાવી દેવા.** એને સતત એના દર્શન થયા કરે. એની પ્રસન્નતા-સમાધિ વગેરેને બિલકુલ બાધ ન આવે એ રીતે જ કરવું. બેને ઘરે જઈને પતિને કહી દીધું, ''જ્યાં સુધી મારો દીકરો જીવતો છે ત્યાં સુધી હું તમારા માટે મરી ગયેલી છું એમ સમજશો. સામાજિક કે અન્ય કોઈ પણ બાબતમાં બિલકુલ મારી અપેક્ષા રાખતા નહીં. **મારા ચોવીસ કલાક હવે મારા દીકરાની પરલોકની આરાધના માટે છે !**

અને બેનની એ અભૂતપૂર્વ સાધના શરૂ થઈ. દીકરાને પોરસ ચઢાવે : ''મોત સાથે ભેટવામાં ખૂબ મઝા છે. તારે હવે ભગવાનને મળવા જવાનું છે'' વિગેરે વિગેરે કહે. ઉત્તમોઉત્તમ કોટિના દ્રવ્યોથી પૂજા કરાવે, સાધુ-સાધ્વીજીઓના દર્શન-વંદન કરાવે, ઘરે સંયમીઓને ગોચરી માટે બોલાવી લાવે અને ભરપૂર

ભક્તિભાવ સાથે દીકરાના હાથે જ સુપાત્ર દાન કરાવડાવે. મા પુત્રમય બની ગઈ. દિવસો વીતતા ગયા. તબિયત લથડવા લાગી, પથારીવશ બનવું પડયું. બહેને ઘરમાં જ એક રૂમમાં ચારે બાજુ ફોટાઓ લગાવી દીધા. દીકરાની બરાબર સામે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનો મોટો ફોટો લગાવી દીધો. બહેને રૂમની બહાર બોર્ડ લગાવી દીધું, ''પ્લીઝ ! રડનારા, ઢીલી વાત કરનારાઓએ રૂમમાં પ્રવેશ કરવો નહીં'' અને ખરેખર બહેન મક્કમ બનીને આ શરતનું પાલન કરતાં રહ્યા. કોઈક જો અંદર ગયા પછી રડે, ''અરેરે ! બિચારો છોકરો આટલી નાની ઉંમરે...'' એમ ઢીલા વચનો બોલે તો લાલ આંખ કરીને તરત સ્પષ્ટ શબ્દમાં કહી દે, **''તમે બહાર નીકળી જાવ. મારા દીકરાને લેશ પણ દુર્ધ્યાન થાય એવું અહીં ન બોલો''** લોકોને ખોટુ લાગવાની ચિંતા કર્યા વિના જ એકદમ મક્કમ બનીને બહેન નિર્ણય લેવા માંડયા.

અંતિમ દિવસ... બહેનને અંદાજ આવી ગયો. કેન્સરની પીડા હદ વટાવી રહી હતી. બહેને એક પળ પણ દીકરા પાસેથી દૂર ન થવાનો સંકલ્પ કરી દીધો. ''જો બેટા ! આંખ ઉઘાડીને જો. પાર્શ્વનાથદાદા તને બોલાવે છે. હવે રડતો નહિ. હસવા લાગ. પ્રભુ કેવા હસે છે ? એમ તારે પણ હસવાનું છે. આજે તારે પ્રભુ પાસે જવાનું છે. ખરેખર શ્રાવિકાની મહેનત લેખે લાગી. દીકરો આંખો ઉઘાડી પ્રભુ સામે જોઈ રહ્યો. ભરચક પીડા વચ્ચે પણ પ્રસન્નતા એના મુખ પર દેખાવા લાગી. **चत्तारि मंगलं.....**નો ગંભીર નાદ ગૂંજવા લાગ્યો, દીકરાએ પોતાની મેળે જ બે હાથ જોડી દીધા. બહેન (મમ્મી)ની નજર સતત એના મુખ પર હતી, પળ-પળનો

હિસાબ ચાલતો હતો. અચાનક એક ડચકું આવ્યું, તીવ્ર વેદના ઉપડી... ત્યાં જ એક ડુંસકું સંભળાયું, બહેને પાછળ ધારદાર નજર નાંખીને જોયું તો પોતાનો પતિ-દીકરાનો બાપ, દીકરાની આ હાલત સહી ન શક્વાથી રડી પડેલો. પણ બહેનની તીવ્ર નજરમાં પતિએ આદેશ વાંચી લીધો, "એક સેકંડમાં બહાર નીકળી જાઓ. તમારા કારણે દીકરાનો પરલોક બગડશે." અને પિતા દોડીને બહાર જતા રહ્યા.

**चत्तारि सरणं पवज्जामि...બહેનના મધુર શબ્દો... બીજી આંચકી....अरिहंते सरणं ત્રીજી આંચકી... દીકરાની પ્રભુ સમક્ષ ખુલ્લી આંખો, બે હાથ જોડેલા અને પ્રાણ નીકળી ગયા.** એક-બે પળ, બહેન શાંત બેસી રહ્યા. દીકરાની બે આંખો બંધ કરી અને મહિનાઓથી રૂંધી રાખેલી અશ્રુધારા બારે ખાંગે વરસી પડી. "દીકરો સદ્‌ગતિ પામ્યો, સમાધિ મરણ પામ્યો.!!" એના હર્ષાશ્રુ અને માતૃત્વથી પ્રેરાયેલા સ્નેહરાગભીના વિયોગાશ્રુ !

બધાએ એમને રડવા દીધા. પતિ ભીની આંખે પાછા ફર્યા, સૌના મનમાં એક જ વિચાર ! " મા મળો, તો આવી મળો !" એ બહેન સૌને આજે તો વંદનીય, પૂજનીય લાગ્યા.

## ૨. જૈન કાચબો

આજથી પ્રાયઃ ચાર વર્ષ પૂર્વેનો એ પ્રસંગ છે. એ સમયે વડોદરા, રાવપુરા કોઠીના વિસ્તારમાં આવેલી એમ્બેસેડર નામની ફરસાણની દુકાન છે. એ દુકાનના માલિક શ્રેયાંસભાઈ ૪૯ વર્ષના થયા છે. તેમના ત્યાં ૪૦ વર્ષથી એક કાચબો છે. આ કાચબો

શ્રેયાંસ જયારે ૯ વર્ષનો હતો ત્યારે એમને રસ્તા પરથી પોતાની મોટર નીચે આવી જવા છતાં જીવતો મળ્યો હતો.

શ્રેયાંસભાઈને ત્યાં મુનિસુવ્રતસ્વામિ ભગવાનના ઘર દહેરાસરજીની અગાસીમાં કાચબો ઘણો સમય રહ્યો. શ્રેયાંસભાઈના સુશ્રાવિકા અને માતુશ્રીએ પ્રભુના લાંછન સ્વરૂપ આ કાચબાને ધર્મી બનાવ્યો હતો. **તેને રોજ ચૌવિહાર અને નવકારશીનું પચ્ચક્ખાણ કરાવતા હતા. આજે પણ શ્રેયાંસભાઈને ત્યાં આ કાચબો સાધુ-સાધ્વીને જોઈ એમને પ્રદક્ષિણા આપે છે. પ્રસન્ન થાય છે. પોતાની જીભ બહાર કાઢી પ્રસન્નતા વ્યક્ત કરે છે.** સાધુ-સાધ્વી આ કાચબાને માંગલિક સંભળાવે ત્યારે આ કાચબો ખૂબ ખુશી વ્યક્ત કરતો જણાય છે. પૂર્વ જન્મનો આરાધક કોઈ જીવ ભૂલો પડયો હશે એવું જ શું ન સમજવું ?

### ૩. દાદા ! તારા હાથ હજાર

આંબાવાડી અમદાવાદમાં રહેતા શોભનાબેન, તેઓએ અનુભવેલો ચમત્કાર તેમના શબ્દોમાં વાંચો.

''હું અને મારા પતિ રશ્મિકાન્ત ૧૩ દિવસ માટે ટ્રાવેલ્સમાં સીંગાપોર, મલેશિયા અને થાઈલેન્ડ બેંકના બીજા મિત્રો સાથે ફરવા ગયા હતા. સીંગાપોરથી મલેશિયા લકઝરી બસમાં લઈ ગયા. મલેશિયા ચેક-પોસ્ટ પર લગેજ ચેક કરી બધો સામાન બસની ડેકીમાં મૂકી બસ હોટલ તરફ રવાના થઈ. તેમાં એક અમારી નાની બેગ હતી. જેમાં અમે કેમેરો, થાઈ કરન્સી, ડૉલર કરન્સી અને પ્લેનની ટીકીટ વિગેરે રાખતા હતા. તે બેગ અમે હાથમાં જ રાખતા હતા પણ મલેશિયા ચેક પોસ્ટ પછી ડેકીમાં આગળ જ મૂકી હતી.

હોટલ આવતા કંડકટરે નીચે ઉતરી ડેકીમાંથી સામાન બહાર કાઢી મૂકી દીધો. ધીમે ધીમે પેસેન્જર બસમાંથી ઉતરતા હતા. તેવામાં આ તકનો લાભ લઈ ડેકીમાંથી કંડકટરે બહાર મૂકેલી અમારી નાની બેગ કોઈ લઈ ચાલતું થઈ ગયું. અમારી બેગ મળતી નથી તેવું ટ્રાવેલ્સના મેનેજરના ધ્યાન પર લાવ્યા. પણ તેમણે કહ્યું કે, 'કોઈ આપણું જ પેસેન્જર ભૂલથી હોટલ પર લઈ ગયું હશે, હોટલ પર તપાસ કરજો. તમારી બેગ મળી જશે.' હોટલ પર ગયા પછી બધા મિત્રોને પૂછ્યું પણ બેગ મળી નહીં. અમે એકદમ હતાશ થઈ ગયા. ટ્રાવેલ્સના મેનેજરે જે લકઝરી બસ મલેશિયા મૂકવા આવી હતી તેના ડ્રાઈવર કંડકટરને ફોન કર્યો કે બસમાં તો બેગ રહી ગઈ નથી ને ! તેમણે બસ અને બસની ડેકીમાં ચેક કર્યું પણ બેગ મળી નહીં.

મારા પતિને અમદાવાદના શ્રી ધરણીધર પાર્શ્વનાથ દાદા પર ખૂબ જ શ્રદ્ધા છે. મને કોણ જાણે પણ અચાનક વિચાર આવ્યો અને મારા પતિને કહ્યું, ''તમને શ્રી ધરણીધર પાર્શ્વનાથ પ્રભુ પ્રતિ ખૂબ જ શ્રદ્ધા છે, તો તમે એકવાર તેમને પ્રાર્થના કરી જુઓ કે આપણી બેગ પાછી આવી જાય.'' મારા કહેવાથી તેમણે **શ્રી ધરણીધર પાર્શ્વનાથ પ્રભુને મલેશિયામાં ગદ્ ગદ્ કંઠે ભાવભરી પ્રાર્થના કરી.**

બીજા દિવસે બસ આવી તેમાં અમે બેઠા. ત્યાં ટ્રાવેલ્સનો મેનેજર અમારી પાસે આવ્યો અને કહ્યું કે તમારી બેગ મળી ગઈ છે. જે લકઝરી બસ મુકવા આવી હતી તેના કંડકટરનો ફોન આવ્યો હતો કે એક નાની બેગ કોઈએ ચેક પોસ્ટ પર જમા કરાવી છે. આ સમાચાર મળતાં અમે સવારે વહેલા જઈ મલેશિયા ચેક-પોસ્ટ પરથી બેગ લઈ આવ્યા. અમે જોયું કે બેગ પર લગાવેલું નાનું તાળું

પણ તેમનું તેમ હતું. તેમાં બધી વસ્તુઓ અકબંધ હતી.

અમારી સાથેના મિત્રોને આ વાતની ખબર પડી ત્યારે તેઓનું મસ્તક પણ શ્રદ્ધાથી નમી પડયું. આ પહેલાં પણ અમારા જીવનમાં શ્રી ધરણીધર પાર્શ્વનાથ પ્રભુના અનેક ચમત્કાર બની ચૂક્યા છે. એટલે પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા મુસીબતમાં અચૂક સહાય કરે છે. તેનો મેં પ્રત્યક્ષ અનુભવ કર્યો.

વાચકો ભાવથી બોલજો કે **દેશ હોય કે વિદેશ હોય, વાવાઝોડુ હોય કે ભૂકંપ હોય. દાદા તારો દીવડો કદીયે ન બુઝાય!** વર્તમાનમાં પ્રભુની પ્રાર્થનાના સાક્ષાત્ અનેક ચમત્કારો સાંભળ્યા, જાણ્યા પછી, હે વાચકો ! રોજ સવારે પ્રભુની પૂજાની સાથે પરભવ માટે પણ આ પ્રાર્થના તો કરશોજ ને !

પ્રભુજી ! માંગુ તારી પાસ, મારી પૂરી કરજો આશ, માંગી માંગીને માંગુ દાદા એટલું, મને આવતો જનમ એવો આપજે ! જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય, પારણામાં નવકાર સંભળાય જો......મને....

## ૪. અદ્‌ભુત ભાવના

૪૦ વર્ષ પહેલાની આ વાત છે. ચંદ્રકાન્તભાઈ એકલા પાલીતાણા જાત્રાએ ગયા હતા. તેમના માતુશ્રી જે ઘરે ખૂબ જ માંદા હતા. તેમણે આગ્રહ કરીને દીકરાને જાત્રા કરવા મોકલ્યો હતો. ચંદ્રકાન્તભાઈ જાત્રા કરવા પાલીતાણા પર્વત ઉપર જાય છે. દાદાના દરબારે પહોંચે છે. ત્યાં તો માતાને દાદાના દરબારમાંથી બહાર આવતા જુએ છે, આશ્ચર્ય અનુભવે છે અને પૂછે છે કે **તમે મારા કરતા પહેલા કેવી રીતે પહોંચ્યા ? તમારી તબિયત તો સારી**

**ન હતી.** માતાએ કહ્યું. "નીચે આવીને મળજે, બધી વાતો કરીશું." ચંદ્રકાન્તભાઈ જાત્રા કરી નીચે પહોંચ્યા, દર વખતે જે ધર્મશાળામાં ઉતરતા ત્યાં અને બીજે તપાસ કરવા છતાં માતા ના મળ્યા. તે દરમ્યાન જ તેમને સમાચાર મળ્યા કે, "સવારે જ માતાનું અવસાન થયું છે અને મરણની ક્રિયાકર્મ કરેલ છે." જે સમયે માતાએ દેહ છોડયો ત્યારે નવકાર અને શત્રુંજયનું ધ્યાન કરતા હતા. છેલ્લે ચંદ્રકાન્તભાઈને તેમને યાદ કરેલા અને ચંદ્રકાન્તભાઈએ તેમને તે જ સમયે દાદાના દરબારમાં જોયા હતા. **બાના સ્વરૂપમાં કોણ આવ્યું હશે. ? બાનો દેવાત્મા.**

## ૫. નવપદનો મહિમા

નવપદના દરેક પદનો ઘણો મહિમા છે, જેનું વર્ણન કરી શકાય તેમ નથી.

બોરસદ શહેરમાં વસતી રાજેશ્રી ચોકસી, એને એક પુત્ર અને એક પુત્રી છે. પુત્ર ત્રણ વર્ષનો હતો ત્યારે તેને પાઠશાળામાં મૂક્યો હતો. તેને એક એક લીટી ગોખાવતા દિવસો નીકળી જતાં. તેને યાદ જ ન રહે. વળી સ્કુલમાં ઈંગ્લીશ મીડીયમમાં ભણવા મૂક્યો હતો. ત્યાંની પણ આ જ સ્થિતિ હતી. શું કરું ? તેની મૂંઝવણ તેમને સતાવી રહી હતી. ત્યાર બાદ એક મ.સા. ના માર્ગદર્શન હેઠળ તેમણે **'ૐ હ્રીઁ નમો નાણસ્સ' પદનો જાપ શરૂ કર્યો.** મા-દીકરો રોજ આ પદની નવકારવાળી ગણતા. દર મહિને સુદ ૫ ના દિવસે ઉપવાસાદિ તપ કરતા થયા. શ્રદ્ધાથી સફળતા પ્રાપ્ત થાય, તેમ નવપદના પ્રભાવથી જોતજોતામાં પુત્રની યાદશક્તિ

તેજ બનતી ગઈ. હાલમાં તેણે બે પ્રતિક્રમણ કંઠસ્થ કર્યા. તેમજ સ્કુલમાં પણ ફર્સ્ટ રેન્ક, ૯૮ % માર્કસ પ્રાપ્ત કર્યા.

ખરેખર, નવપદના દરેક પદનો આવો અગણિત મહિમા છે.

## ૬. યુવાનનું સમાધિ મૃત્યુ

આજથી ૧૮ વર્ષ પૂર્વેની આ વાત છે.

૧૭ વર્ષનો યુવાન બિનીત. જે ભણવામાં બહુજ હોંશિયાર અને ધર્મનિષ્ઠ. ધો. ૧૨ની પરીક્ષા વખતે તેને પગમાં દુખાવો થયો અને પહેલું પેપર લખ્યા પછી ચાર પાંચ છોકરાઓ તેને ઘરે મૂકવા આવ્યા. ડૉકટરને બતાવતા તેને બૉન કેન્સર હોવાનું જણાવ્યું. છતાં હિંમતભેર બાકીના પેપરો લખ્યા. પરીક્ષા પૂરી થતાં ને ઘણી બધી દવાઓ કરાવવા છતાં કોઈ ફરક પડ્યો નહીં અને ઢીંચણમાંથી પગ હાથી જેવો જાડો થઈ ગયો. અને તેને અસહ્ય વેદના થાય. તેના પલંગની ચાદર પણ ખસી જાય તો પણ ભયંકર વેદના થાય, છતાં કયારેય પણ તેણે હુંકારો કર્યો નથી. જયારે જુઓ ત્યારે હસતો જ હોય.

તે સમયમાં વાવ ગામમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રસંગ હતો અને તેને લઈ જઈ શકાય તેમ ન હતું. તેના લીધે પરિવાર પણ જઈ શકે નહિ. તેથી તેણે તેના માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન દરેકને પ્રતિષ્ઠામાં લઈ જવા માટે સામેથી કહ્યુંકે, ''મારે પ્રતિષ્ઠામાં જવું છે.'' મહામુશ્કેલીથી તેને લઈ ગયા. **ગાડીમાં તો વેદના બહુ જ થાય પરંતુ તેણે જરાપણ હુંકારો કર્યો નહિ.** પ્રતિષ્ઠામાં પણ ઘરના બધા જ સભ્યો દરેક કાર્યક્રમમાં

જાય તેવો જ તેનો આગ્રહ હતો. એક વખત તેની જીદ ખાતર તેને પણ બપોરના કાર્યક્રમમાં લઈ જવો પડયો. પૂ.આ.ભગવંતની બાજુમાં જ પાટ ઉપર તેને બેસાડયો.

ત્યાંથી આવ્યા પછી ધો. ૧૨નું પરિણામ આવ્યું. તેમાં પણ તે સારા માર્કસથી પાસ થયેલ પરંતુ વેદના અસહ્ય વધતા છેવટે પગ કપાવવાનો નિર્ણય કર્યો, તો પણ હસતા મુખે કહ્યું કે, **"એક પગ નહીં હોય તો શું ફરક પડે ? બન્ને પગ વગરના લોકો પણ જીવે જ છે ને !!"** ઓપરેશનથી પગ કઢાવી નાખ્યો. પછી ઘરે તેની ખબર પૂછવા જે કોઈ આવે તેની તે જ સામેથી ખબર પૂછતો. કેટલાય ગુરુ ભગવંતો પણ તેની પાસે આવ્યા છે. તેનાથી નીચે બેસાતું ન હોવા છતાં જીદ કરીને **નીચે બેસીને જ વંદન કરીને સુખ-શાતા પૂછતો.** ધાર્મિક શિક્ષક તેને ભણાવવા ઘરે આવતા તો પણ **નીચે બેસીને જ ભણે અને શિક્ષકને ઉચ્ચ આસને બેસાડે. દરરોજ ચોવિહાર કરે.** ભૂખ લાગે કે તરસ લાગે પરંતુ કયારેય ખાવાનું માંગે નહિ કે પાણી માંગે નહિ. ઘરે કાંઈ પણ વસ્તુ કે કપડાં વિગેરે લાવે તો તેના બંને ભાઈને જે ગમે તે લઈ લે, પછી જ જે વધે તે પોતે લે. એક દિવસ સવારમાં ઉઠયો. પિતાજીએ કહ્યું કે, "બેટા નવકારશી આવી ગઈ છે. નવકારશી કરી લે," ત્યારે તેણે કહ્યું કે, "હમણાં કરું છું, શી ઉતાવળ છે?" પલંગ ઉપર પિતાજી બેઠેલા હતા. **થોડી વાર પછી તેણે 'જાય છે...જાય છે... જાય છે' એમ ત્રણ વાર કહ્યું એટલે પિતાજીએ કહ્યું " બેટા ! ભલે જાય, તું નવકાર મંત્ર બોલ"** તે મોટેથી આખો નવકારમંત્ર બોલ્યો અને તરત જ પિતાજીના ખોળામાં માંથુ નાખી દીધું. અને નવકારશીનું પચ્ચક્ખાણ પાર્યા

વિના સ્વર્ગ સિધાવી ગયો. પરમાત્મા એ આત્માને પરમપદ આપે એ જ નમ્ર પ્રાર્થના !!

વાચકો! પ્રભુને પ્રાર્થના કરજો કે ૧૭ વર્ષનો યુવાન જો આવી સમાધિપૂર્વક ભયંકર વેદનાને સહન કરે, તો છેવટે **અમે માથાના કે શરીરના કોઈપણ દુઃખાવાના સમયે વેદનામાં સમાધિ રાખતા શીખીએ અને અમને પણ અંત સમયે આવી સમાધિ પ્રાપ્ત થાઓ...**

## ૭. નવકાર જપને સે સંકટ મિટ જાતે હૈ

આજથી લગભગ ૩૦ વર્ષ પહેલા મહેસાણા તાલુકા ના સાલડી ગામમાં મહેન્દ્રભાઈ રહેતા હતા. ગામમાં દુકાન અને ધીરધારનો ધંધો ચાલતો હતો. ધંધાની ઉઘરાણી માટે અવારનવાર આસપાસના ગામમાં જવું પડતું હતું. એક દિવસ બાજુના ખાટાઆંબા ગામમાં ઉઘરાણી માટે બપોર પછી નીકળ્યા. સાંજે પાછા ફરતા થોડું મોડું થયું અને અંધારું પણ થઈ ગયું હતું. સાથે ૫૦૦૦ રૂા; સોનાની વીંટી, ઘડિયાળ વિગેરે જોખમ હતું. મોડું થવાથી ઘરે શ્રાવિકાને પણ ચિંતા થવા લાગી. સતત નવકાર મંત્રના જાપ દીપિકાબેને ચાલુ કરી દીધા. આ બાજુ અધવચ્ચે વગડાના રસ્તે ત્રણ બુકાનીધારી માણસો હાથમાં લાઠી, ધારિયા સાથે રસ્તો રોકી ચોરી કરવાના ઈરાદે સાંકડી કેડીમાં વચ્ચોવચ ઊભા રહ્યા હતા. તેમનાથી છટકી શકવાનો કોઈ રસ્તો જ ન હતો. મહેન્દ્રભાઈને શ્રી નવકારમંત્રમાં અપૂર્વ શ્રધ્ધા હતી. ત્રણે ય બુકાનીધારીઓને જોઈને નિર્ભયપણે મનમાં નવકારમંત્રનો જાપ ચાલુ કરી દીધો. અને જાણે કોઈ રસ્તામાં છે જ નહિ તેમ હિંમતથી તેમની બાજુમાંથી જ

સાયકલ ચલાવી પસાર થઈ ગયા ! પેલા ત્રણે લૂંટારા જાણે સ્તબ્ધ થઈ બાઘાની જેમ જોતા જ રહ્યા. નવકારના જાપથી જાન અને જોખમ બધું જ બચી ગયું. જ્યારે બીજે દિવસે એ જ જગ્યા પર સાંજના સમયે એક ટ્રેકટરવાળાને માર મારીને લૂંટી લીધાના સમાચાર ગામમાં સૌને મળ્યા. આમ નવકાર જાપથી આવેલ સંકટ દૂર થઈ ગયું.

## ૮. તાવના છંદનો ચમત્કાર

ઉન્નતિ નંદુરબાર, (મહારાષ્ટ્ર)માં રહે છે. બી.સી.એ. સેકન્ડ ઈયરમાં ભણે છે. આ પ્રસંગ નવેમ્બર ૨૦૦૯નો છે. ફર્સ્ટ સેમિસ્ટરની પરીક્ષાના છેલ્લા બે મેથેમેટિક્સના પેપર બાકી હતા. એ દિવસે સાંજે બરફના ગોળાવાળો આવ્યો અને ઉન્નતિએ રૂા. ૧૦ વાળી આઈસ-ડીસ ખાધી. બીજા દિવસે પેપર આપીને ઘરે આવ્યા પછી એને ઉલટીઓ થવા માંડી. એણે આરામ કર્યો. બીજા દિવસે છેલ્લું પેપર આપી ઘરે આવ્યા. પછી મમ્મી સાથે દવાખાને ડૉકટર પાસે ગયા. બ્લડ રીપોર્ટ કઢાવ્યો. કમળાની શરૂઆત જ હતી. ભર દીવાળીના દિવસો હતા,અને ઘરમાં માંદગી. આઠ દિવસની દવાઓથી થોડીક રાહત તો થઈ, છતાં તાવ તો ચડતો ઉતરતો રહે, તેથી પહેલા ૨-૩ દિવસ તેની મમ્મી નવ સ્મરણની ચોપડીમાંથી તાવનો છંદ વાંચી એનું પાણી પીવડાવે. પછી **જાતે જ તાવના છંદનો જાપ કરતી હતી. એક જ અઠવાડિયામાં તેનો કમળો સંપૂર્ણ રીતે મટી ગયો.** નવમા દિવસે ડૉકટર પાસે ગયા. એમને પણ નવાઈ લાગી કે કમળો આટલો જલ્દીથી કેવી રીતે મટી ગયો ? ત્યારથી ઉન્નતિને તાવના છંદ પર વિશેષ શ્રદ્ધા થઈ.

**સંસારનું Fine Place ક્યારેક Fire Place તો ક્યારેક Final Place.**

એક વાર એના નાના ભાઈ મેહુલને બહુ જ તાવ ચઢયો અને ઉતરવાનું નામ જ ના લે. ત્યારે એને પણ ઉન્નતિએ **તાવનો છંદ સંભળાવ્યો અને પાણી પીવડાવ્યું અને થોડી જ વારમાં તાવ ઉતરી ગયો.**

સાચે જ જૈન ધર્મમાં રચાયેલ દરેક મંત્રમાં, સૂત્રમાં, છંદમાં અદ્ભુત શક્તિઓ છે. એમના જાપ માત્રથી આધિ-વ્યાધિ-ઉપાધિ બધું જ મટી જાય છે.

## ૯. ધીરજનાં ફળ મીઠાં

ચેતના નામની એ યુવતી. પ્રતિષ્ઠિત અને અત્યંત ધાર્મિક કુટુંબમાં એનો જન્મ. ઘરમાં જન્મથી જ ધાર્મિક સંસ્કાર ઉત્તમ. સિધ્ધિતપ પણ કર્યો. એના કુટુંબમાં ૫૦ જણ. ૧૨ જણ તો એવા કે કાયમ દર વર્ષે અઠ્ઠાઈ કરે. કોઇને ૨૫ કે કોઈને ૨૮ અઠ્ઠાઈ થયેલ છે. એક કાકાને ૫૩ અઠ્ઠાઈ થઈ છે. ખૂબ જ સંસ્કારી ઘર. એનો અનુભવ એના જ શબ્દોમાં વાંચો. “મારી સગાઈ નક્કી થયા પછી મને ખબર પડી કે સાસરાવાળા પૂરા નાસ્તિક છે. રોજ કંદમૂળ ખાય છે અને ભાવિ પતિ તો તમાકુ પણ ખાય છે. સગાઈ બાદ લગ્ન પૂર્વે મેં પતિને કહ્યું કે મને આ વાતની ખબર નથી. એ કહે કે સગાઈ તોડી નાખ! પણ હું શું કરું ? બસ શંખેશ્વર પાર્શ્વનાથ દાદાને પ્રાર્થના કરતી કે આપ જે કરો તે સારું કરજો ! **મારી જિંદગી આપના હવાલે છે. આપ જ કાંઈક રસ્તો સુઝાડો !** સગાઈ તોડું તો આબરૂ જાય, એ બીકે બોલી ન શકી. લગ્ન થયા. પરણીને આવી. દેખાવડી, સુંદર છતાં મારી પર અહીં તો મેંણા -ટોંણાનો વરસાદ થવા માંડયો. સાસરાવાળા બોલતા કે **મા વગરની છે. જેવા તેવા શબ્દ મારે ખૂબ સાંભળવા પડતા.** મારા નણંદની સગાઈ પૂર્વે

**Body Fever ચાલે, Mind Fever કે Money Fever ન ચાલે.**

છોકરો પાસ ન કરે તો મારે માટે ઘરનાને કહે કે આના મોઢે એસીડ છાંટી દો, કારણ કે અમારી છોકરીઓ ઝાંખી પડે છે. તો પણ બસ મારા આત્મામાં મારા દાદા પાર્શ્વનાથ વસેલા.

સમય સમયનું કામ કરે, દિયરનાં લગ્ન થતાં દેરાણી આવી અને એણે પણ મને હેરાન કરવામાં બાકી ન રાખ્યું. ઘરના સંસ્કાર તેથી છૂટાછેડા લેવાનો વિચાર જ ન કર્યો. ખૂબ જ ધીરજ સાથે આ બધું સહન કરતી રહી. **દાદાને પ્રાર્થના કરતી કે પ્રભુ ! તું મને ધીરજ, સમતા, સહનશક્તિ આપજે !** એક દસકો ગયો અને પલટો આવ્યો. **જાણે દાદાએ કહ્યું કે જા તારો સમય આવ્યો છે. સાસુ ધાર્મિક બન્યા. વર્ષમાં ત્રણ ઉપધાન.** ઘરમાંથી કાયમ કંદમૂળ-ત્યાગ, સાસુએ ઓળીનો પાયો નાખ્યો. મારી એક બેબી ૭ વર્ષની અને બીજી ૧૦ વર્ષની. બંનેએ અને મેં પણ પાયો નાખ્યો. ૧૫ વર્ષની ઉંમરે મોટી બેબીએ નવ્વાણું જાત્રા કરી. શ્રાવકે ઉપધાન તપ કર્યું. અત્યારે પાયો નાખ્યો છે. આજે મારા દિલમાં એક નાની સી ચિનગારી "મારો દાદો " એ આગ બની પ્રજવલિત થઈ છે. આજે ડગલે ને પગલે પાર્શ્વનાથ દાદા... આદિનાથ દાદા... સહાય કરે છે.

પણ હા... બસ કરેલાં કર્મો આ ભવમાં ખપાવી દઉં તો મારે ભવાંતરે ભોગવવા ન પડે. બાકી કર્મો જે કર્યા હોય તે જ ઉદયમાં આવે છે.

અત્યારે મારા જીવનમાં ઘણાં ફેરફાર લાવી છું. મને ઓછામાં ઓછી ૨૦૦૦ સાથિયા-ગહુંલી આવડે છે. જે હું ૧૭૦ બહેનોને શીખવાડી રહી છું. પૂ.ગુરુજીઓના ઓઘાના પાટા, અષ્ટમંગલ વિગેરે હું કરું છું. મારી ફક્ત સેવા જ છે. અને ઘરમાં ૯૭ વર્ષના મોટા સાસુ-સસરા, મારા સાસુ વિગેરે સંયુક્ત રહીએ

છીએ. પૂરા મનથી સેવા કરું છું. **ટીવીનો બે વર્ષથી ત્યાગ છે.** સમય મળતા ધાર્મિક બુક વાંચી પેપર ભરું છું. દિવસની ચાર-પાંચ સામાયિક-પૂજા વિગેરે કરું છું. એક ઘર દહેરાસરનો લાભ મળેલો. આખું દહેરાસર કારીગરીથી સજાવ્યું છે. અજોડ-બેનમૂન છે. ઘણા મહાત્માઓ જોડે પરિચય છે.

## ૧૦. પ્રભુજી પ્યારા છે

ઘટના તાજેતરની છે પણ પ્રેરણાદાયી છે. સરકાર તરફથી વિવિધ પ્રકારની યોજનાઓ જાહેર થતી હોય છે. આવી જ એક યોજના પ્રમાણે એલોવેરા નામની વનસ્પતિ માંથી તેલ, ક્રીમ, કોસ્મેટીક ચીજો બનાવવા માટેના પ્રોજેક્ટ માટે સરકારે સાહસિક ઉદ્યોગપતિઓ પાસે ટેંડર મંગાવ્યા.

જો સરકારી મંજૂરી મળે તો મામૂલી ભાડે પ્લોટ, ઓછા વ્યાજે રકમ, ગ્રાંટ, સબસીડી ઘણાં લાભો મળતા હોવાથી અનેક ઉદ્યોગપ્રેમીઓએ ટેંડરો ભર્યા. બે યુવાન સાહસિકોનું ટેંડર પાસ થયું. એ માટે જરૂરી સાધન સામગ્રી એકઠી કરવામાં ખાસ્સો એવો ખર્ચ કર્યો અને સરકારી સહાય મેળવવા જરૂરી વિધિ પૂરી કરી. આ દરમ્યાન આ બંને જૈન યુવાનો-જેમના નામ જિતેન્દ્ર શાહ અને નિલેશ રાણાવત છે. તેઓને કોઈક ધર્મપ્રેમીએ કહ્યું કે, "તમે જે એલોવેરા વિષેનો પ્લાંટ નાખવા તૈયાર થયા છો એ એલોવેરા એક અનંતકાય વનસ્પતિ છે. દેશીભાષામાં એને કુંવર-પાઠું કહે છે. **એના પ્રત્યેક કણમાં અનંત જીવો બટાકાની જેમ હોય છે. તમે રોજ કેટલા ટન વનસ્પતિ છૂંદશો, ભેદશો, પીલશો, તેમાં કેટલા જીવોની વિરાધના થશે !"** પેલા બન્ને યુવાનો ચમક્યા. એલોવેરા વનસ્પતિ

છે એટલો ખ્યાલ હતો, પણ એ અનંતકાય છે એવી ખબર હોત તો આ ટેંડર ન ભરત, હવે તો ટેંડર મંજૂર થઈ ગયું છે... એને માટે જરૂરી વિધિમાં લાખ્ખોનો ખર્ચ થઈ ગયો છે. શું કરવું ? એક બાજુ જે પ્રોજેક્ટ મેળવવા ઘણી દોડધામ કરી છે.. લાખ્ખોનું આંધણ કર્યું છે, એ નિષ્ફળ જવા દેવી ? અને જે પ્રોજેક્ટથી કરોડોની કમાણી આસાનીથી થવાની પાકી ખાત્રી છે એવા સાહસથી અટકી જવું ? એ ભારે સાત્વિકતાની અપેક્ષા રાખતી વાત હતી.

પણ આ બંને યુવાનો જિતેન્દ્ર અને નીલેષે એ નક્કી કર્યું કે **આપણે આવી અઢળક હિંસાથી થતી કમાણી નથી જ કરવી.** અને બંને યુવાનોએ કારખાનું નાખવાનું માંડી વાળ્યું. આ યુવાનોને લાખ લાખ ધન્યવાદ ! આમાંના એકનું નામ તો સંગીતકાર તરીકે જાણીતું છે. પ્રલોભનો સામે ટકવું બહું અઘરી વાત છે. આ કાળમાં આવા શ્રાવકો મળે છે એ મોટું સદ્‌ભાગ્ય છે. **ગાજરના એક કણમાં અનંતા જીવો છે. આંખ માટે ગાજર ખાતા પહેલા વિચારજો હોં...!!!**

## ૧૧. શ્રેષ્ઠ ગુરુભક્તિ

"પૂજ્યશ્રી ! અમારા ઘરે ગોચરી વહોરવા પધારશો ?" યુવાને વિનંતી કરી. મહાત્માએ મીઠાશથી પ્રત્યુત્તર આપતા કહ્યું કે ભાગ્યશાળી ! તમારી ભાવના સારી છે પરંતુ ગોચરી પ્રાયઃ બધી જ આવી ગઈ છે, હવે કાંઈ બાકી નથી. યુવાન કહે, " સાહેબજી ! આપની વાત સાચી છે છતાં સાકર વિગેરે કોઈપણ વસ્તુનો લાભ આપવા પણ પધારો ! " યુવાનના અતિ આગ્રહથી મહાત્મા વહોરવા ગયા. વહોરીને ઘર બહાર નીકળ્યા અને યુવાન ઉપાશ્રય

સુધી વળાવવા આવ્યો. ''પાછા જવું હોય તો વાંધો નથી, હું જતો રહીશ'' એમ બે ત્રણ વાર મહાત્માએ જણાવ્યું. પણ યુવાન કહે કે **ગુરુ ભગવંતને વહોરાવવા લેવા જવું, સહુના ઘરો બતાવવા લઈ જવા, પાછા ઉપાશ્રયે મૂકવા જોડે જવું, એ તો અમારા શ્રાવકોનું કર્તવ્ય છે.''** ઉપાશ્રયે પહોંચ્યા બાદ મહાત્મા પાસે બે મિનિટનો સમય માંગી વાત કરતા જણાવ્યું,

''પૂજ્યશ્રી ! આપને કાંઈ ખપ ન હતો એ મને ખ્યાલ હતો. આપને તકલીફ આપી તે બદલ ક્ષમા માંગું છું. સાથે સાથે ખૂબ આનંદ આવ્યો તેનું વર્ણન હું કરી શકું તેમ નથી. મેં અને શ્રાવિકાએ થોડા સમય પૂર્વે અભિગ્રહ લીધો હતો કે અમારા ઘરમાં જે જે નવા મહાત્મા પધારે, તેટલા દિવસ બ્રહ્મચર્ય પાલનમાં વધારવા ! હાલ વર્ષમાં ૨૩૧ દિવસ અમે ચોથું વ્રત પાળીએ છીએ. **આપ પ્રથમ વાર પધાર્યા એટલે ૧ દિવસ ઉમેરીને અમે હવેથી વર્ષમાં ૨૩૨ દિવસ બ્રહ્મચર્ય પાલન કરીશું.** આશીર્વાદ એવા વરસાવો કે હજી ૧૨૮ જેટલા નવા નવા મહાત્માઓ શીઘ્ર અમારે ત્યાં પધારે અને **તે દિવસથી વર્ષમાં ૩૬૦ દિવસ પૂર્ણ થતાં જાવજ્જીવ માટે બ્રહ્મચર્ય પાલન શરૂ કરી દઈએ.''**

ધન્ય હજો એ યુવાન દંપતીને ! ગુરુજી ઘરે પધારે અને બ્રહ્મચર્ય-પાલનના દિવસોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરીને વિશિષ્ટ સત્ત્વ ફોરવવાનું પરાક્રમ કર્યું. આ પ્રસંગ આજથી પ્રાયઃ ૧૫ વર્ષ પહેલા બન્યો હતો. ૧૫ વર્ષમાં કદાચ બીજા ઢગલાબંધ નવા નવા મહાત્માઓની પધરામણીથી બાકીના ૧૨૮ દિવસ પૂર્ણ કરી ૩૬૦ દિવસનું એટલે કે સંપૂર્ણ વર્ષનું એટલે કે જીવજ્જીવનું બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતાં થઈ ગયા હશે, એવી પ્રભુને પ્રાર્થના...!!!

**ધર્મસાધના માટે શ્રદ્ધા અને સંકલ્પ જરૂરી.**

## ૧૨. પુજારી નહિ પ્રભુ ભક્ત

વડોદરા ફતેહગંજના દહેરાસરમાં જાઓ, તો પ્રભુના દર્શન સાથે પ્રભુના પરમ ભક્ત પૂજારીની પણ અનુમોદના કરજો. રાકેશભાઈ વસાવા પ્રભુજીની એવી સરસ ભક્તિ કરે છે **કે જેથી ટ્રસ્ટીઓએ સમગ્ર જિનાલયનો વહીવટ તેમને સોંપેલ** છે. ખજાનચીનું પણ તે કામ કરે તથા ટ્રસ્ટીનું પણ તે જ કામ કરે, આ પ્રભુભક્ત તપસ્યામાં પણ આગળ છે. એક વાર તેમણે માસક્ષમણ કરીને પણ પ્રભુભક્તિમાં ઉણપ ન આવવા દીધી. કંદમૂળ તો જીવનભર ત્યાગ છે. તિથિના દિવસે રાત્રિભોજન પણ નહિ કરવાનું. ધન્યવાદ હોજો રાકેશભાઈને !

## ૧૩. ગૃહમંદિરનો ચમત્કાર

૫૦ વર્ષની ઉંમરના એ શ્રાવકે પ.પૂ.પં શ્રીજિનસુંદર વિ.મ.સા.પાસે કહેલી એમની જીવન-કથા એમના જ શબ્દોમાં...

"શ્રીમંત કુટુંબમાં મારો જન્મ. ચાર દીકરીઓ પર આવેલો એકનો એક પુત્ર એવો હું અતિ લાડકોડથી ઉછર્યો. પૈસાનો પાર નહિ. છૂટછાટો વધતી ગઈ. ખરાબ મિત્રોથી વિંટળાતો ગયો. મા-બાપ કટ્ટર જૈનધર્મી, નાનપણથી સંસ્કારો આપવા પ્રયત્ન કર્યા પણ, લાડકોડના કારણે ખરાબ મિત્રોના કુસંગે ઉન્માર્ગે ચઢયો. (બોલતા બોલતા શ્રાવકની આંખમાં આંસુઓ ભરાઈ આવ્યા. અવાજ ભારે થઈ ગયો.) ગુરુ ભગવંત ! તમને શું વાત કરું ! માત્ર થિયેટર કે હોટલ નહિ પણ વેશ્યાખાનાની મુલાકાત શરૂ થઈ ગઈ. માત્ર પેપ્સી કે કોકાકોલા નહિ, અરે માત્ર બીડી અને સિગારેટથી

ન અટક્યો, પણ દારૂથી પણ હું અભડાઈ ગયો. દારૂ અને દુરાચાર એ રોજની હોબી થઈ ગઈ. (હવે તો શ્રાવકની આંખમાંથી ચોધાર આંસુઓ શરૂ થઈ ગયા) દો-તીન-પાંચ કે રમીની પત્તાની રમતોથી શરૂ થયેલી મારી યાત્રા હજારો રૂપિયાના જુગારોમાં ફેરવાઈ ગઈ. ગુરુદેવ ! વધારે શું કહું ? જન્મે ભલે જૈન પણ એક મવાલીથી પણ હલકી કક્ષાનું જીવન હું જીવતો હતો.

૨૫ વર્ષની ઉંમરે મારા લગ્ન થયા અને ધંધાની ઘણી બધી જવાબદારીઓ પિતાશ્રીએ મારા પર લાદી દીધી.એ કારણ સર મારા દોષો ઢીલા પડયા. મિત્રોની સોબત ઘટી પણ... હજીયે લાગેલી લતો સંપૂર્ણ દૂર થઈ ન હતી. એ કુટેવોનો આસ્વાદ છૂટતો ન હતો. એમ કરતાં કરતાં બીજા ૫ વર્ષ વીતી ગયા અને મારા જીવન-પરિવર્તનની એ શુભ પળ આવી ગઈ. અમારા ગામમાં અનેક શિષ્યોના પરિવારથી યુક્ત આચાર્ય ભગવંતની પધરામણી થઈ. સામૈયુ ગોઠવાયું. વડીલોના આગ્રહથી એમાં સામેલ થવું પડયું, પણ ..આટલા બધા મુનિભગવંતો, એ પણ લગભગ બધા જ જુવાનજોધ, ઉચ્ચકુળના, દેખાવડા છતાં અંગો પર મેલા-ઘેલા કપડાં, વધી ગયેલી દાઢી-મૂછ, ઓળ્યા વિનાના રફેદફે વાળ, અંગો પર મેલ છતાં **મુખ પર ફાટ-ફાટ થતી પ્રસન્નતા, ચારિત્રની ખુમારી જોઈ મારાથી ભાવપૂર્વક નમસ્કાર થઈ ગયા.**હૃદય ભીનું થઈ ગયું અને મોંમાથી શબ્દો સરી પડ્યાં, 'ધન્ય છે આ મહાત્માઓને! ભોગની આ વયમાં યોગને સાધવા મસ્તીથી નીકળી પડ્યા છે ?'

આચાર્ય ભગવંત પાસે જઈ 'મત્થએણ-વંદામિ' નો વ્યવહાર કર્યો. એમની મોહક મુખાકૃતિ અને મધુરા શબ્દોએ મને

આકર્ષિત કરી દીધો. સામૈયા બાદ માંગલિક ફરમાવ્યું. ૯-૩૦ વાગ્યાના આચાર્ય ભગવંતના વ્યાખ્યાનની જાહેરાત થઈ અને મનમાં જ વ્યાખ્યાનમાં જવાનું નિશ્ચિત કરી દીધું. દર વખતની જેમ માતુશ્રીએ વ્યાખ્યાનમાં જવાની આગ્રહ-પૂર્વક પ્રેરણા કરી. દર વખતે તો સાંભળ્યું ન સાંભળ્યું કરી વ્યાખ્યાનમાં જતો ન હતો. **પણ આ વખતે તો મુનિ-મંડળના સંયમબળ-તપોબળે મારા પર જબરું આકર્ષણ જમાવેલું.** તેણે મને ઉપાશ્રયમાં ૯-૨૦એ પહોંચાડી દીધો. ગુરુવંદન કરતાં હજી શીખ્યો ન હતો. પણ મત્થએણ-વંદામિ કહી ઉપાશ્રયમાં ઊભો રહી મુનિ-ભગવંતોની સ્વાધ્યાય-પ્રતિલેખન વિગેરે ક્રિયાઓ ધારી-ધારીને જોઈ રહ્યો અને તેઓ પ્રત્યેનું મારું આકર્ષણ વધુ ને વધુ ગાઢ બનતું ગયું.

વ્યાખ્યાન શરૂ થયું. મધુર ભાષા, સુંદર શૈલી, વાણીમાં નમ્રતાએ મને ત્યાં જ જકડી દીધો. એક પછી એક પદાર્થો સરળ ભાષામાં આચાર્ય ભગવંત પીરસી રહ્યા છે. તેમાં ઘર-દહેરાસર માટે ધારદાર તર્કો-પૂર્વક સમજણ આપી રહ્યા છે કે "ઘરના માલિક આપણે કોણ ? ઉત્કૃષ્ટ પુણ્યના ધારક અરિહંતને આપણા ઘરના માલિક બનાવો. એના પુણ્યે આપણી નાવ સડસડાટ દોડશે વિગેરે."

**ઘર દહેરાસરની આ પ્રેરણા મારા હૃદયમાં સોંસરી ઉતરી ગઈ.** મારે દાદાને-પરમાત્માને ઘરના શિરતાજ બનાવવા છે એવો મનોમન નિશ્ચય કરી દીધો.

એક વર્ષ પૂર્વે જ પિતાશ્રીનું મૃત્યુ થયું હતું. તેઓશ્રીના ગયા પછી ઘરની બધી જ જવાબદારી મારા પર આવેલી. બેનો તો સાસરે હતી પણ હાલ હું, મારા માતુશ્રી, શ્રાવિકા, બે દીકરા, એક

દીકરી. આ મારો પરિવાર. વ્યાખ્યાન બાદ આવી ઘરના સભ્યો આગળ દહેરાસરની વાત મૂકી. ધર્મના રાગી માતુશ્રી તો અતિશય આનંદમાં આવી ગયા. મારી પત્ની અને છોકરાઓને ધર્મ સાથે બહુ લેવા-દેવા ન હતા, તેથી આનંદ ન પામ્યા પણ મારી મર્યાદાના કારણે નનૈયો પણ ન ભણી શક્યા અને વાત આગળ વધી.

આચાર્ય ભગવંત પાસે બપોરે રૂબરૂ મળી ઘર-દહેરાસર સંબંધી વિસ્તારથી માહિતી લીધી. ઘરમાં સ્થાન પસંદગી, કયા ભગવાન વિગેરે બાબતો તેમના શિષ્યરત્નને સોંપી.

ઘર-દેરાસરનું કાર્ય શરૂ થઈ ગયું. મોટું ઘર હોવાથી મોટી જગ્યા દાદા માટે ફાળવી અને એક મહિનામાં તો પ્રતિષ્ઠાનો દિવસ આવી ગયો. ધામધૂમથી ઘરમાં દાદાનો પ્રવેશ થઈ ગયો. ઉરમાં આનંદ સમાતો ન હતો. તે પ્રસંગે રોમ-રોમ આનંદથી નૃત્ય કરતા હતા. ગુરુદેવ ! દાદાના પ્રવેશે મારો આત્મિક દેદાર ફેરવી દીધો. મને વાલિયામાંથી વાલ્મિકી બનાવી દીધો. **મને દાદામાં મારાપણું લાગવા માંડ્યું. મારા દાદાની અષ્ટપ્રકારી પૂજા વિના દિવસ વાંઝીઓ લાગતો. ચેન ન પડતું.** દાદાની પૂજામાં રોજ નવા-નવા ભાવો જન્મ લેતા. હવે તે બધી કુટેવો તો કયાંય પલાયન થઈ ગઈ. પણ સાથે-સાથે સદ્ગુરુ પાસે વિસ્તારથી આંખોના આંસુ સાથે બધું પ્રાયશ્ચિત કર્યું. તે બધું ઉલ્લાસપૂર્વક વહન કરી રહ્યો છું.

ગુરુદેવ ! આત્માની ઉન્નતિ દિન-પ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતી જ ચાલી. રોજ બે ટાઈમ પ્રતિક્રમણ, એક સામાયિક, તેમાં સૂત્રો ગોખવાં, સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ, રોજ ૧ કલાકની મારા દાદાની એકાગ્ર મને ભક્તિ. અરે ! ગુરુદેવ !

આગળ વધીને શું કહું ? મહીના પહેલાં જ આચાર્ય ભગવંત પધારેલા, તેમની નિશ્રામાં સજોડે બાર વ્રત પણ ઉચ્ચરી લીધાં. **સજોડે આજીવન બ્રહ્મચર્ય પણ ઉચ્ચર્યું !** હવે જીવનમાં આનંદ છે.

ગુરૂદેવ ! પ્રભુની પધરામણી જેમને ગમતી ન હતી તે પત્ની અને છોકરાઓ પણ આજે પ્રભુ પાછળ પાગલ છે. રોજ સાંજે ભાવના અમારો પરિવાર ભણાવે છે. જેમાં હું ઢોલક વગાડું, મારી શ્રાવિકા ગીત ગાય અને ગુરુદેવ ! પ્રભુ-પ્રેમી મારા દીકરા-દીકરીઓ ચામર લઈને શરમ વિના મન મૂકીને નૃત્ય કરે છે. **આટલી શ્રીમંતાઈ હોવા છતાં કેબલની કે વિડીયો ગેમની વાત છોડો, સાદું ટીવી પણ નથી.**

અરે ! ગુરુદેવ ! દાદાના પ્રતાપે ઘરમાં કામ કરતી કામવાળી અને રસોઈયાઓ પણ પ્રભુના રંગમાં રંગાઈ ગયા છે. જૈન ધર્મી બની ચૂક્યા છે. ઘરમાં કામ માટે આવતા અને જતા પ્રભુના દર્શન ૫-૫ મિનિટ સુધી ખૂબ શ્રધ્ધા પૂર્વક કર્યા વિના તેઓને ચેન નથી પડતું. ગુરુદેવ ! ખરેખર ઘર-ઘરમાં દાદાની પધરામણીની આપ પ્રેરણા કરો. પછી કોઈ પ્રેરણા આપે નહિ કરવી પડે, બાકીનું બધું પ્રભુ સંભાળી લેશે.''

પેલા સુશ્રાવકની વાત અહીં પૂરી થઈ. સાંભળનાર ગુરુદેવોની આંખોમાં પણ હર્ષાશ્રુ ઉભરાઈ ઉઠયાં.

## ૧૪. મલ્લી સકલકુશલવલ્લી

કલ્પેશભાઈને કાળી ચૌદસના દિવસે અચાનક નાકમાંથી ખૂબ લોહી પડયું. બંધ થાય નહીં. નસકોરી સમજી ઘરગથ્થુ ઉપચાર

કર્યા. ડૉકટરનો સંપર્ક કર્યો. બ્લડ ટેસ્ટ કરાવ્યા, એક્સ-રે કઢાવ્યો. સાયનસને કારણે થયું છે એમ નિદાન થયું. દવાઓ ચાલુ કરી. બીજા દિવસે ફરી લોહી પડયું. ત્રીજા દિવસે પણ પડયું. રોજ લોહી ચાલુ હતું. પાંચમના દિવસે ઘરના બધા શ્રી ભોયણી મલ્લિનાથ દાદાની જાત્રાએ ગયા. દહેરાસરમાં ચૈત્યવંદન કરતાં હાથમાં લોહી પડયું. રૂ થી લૂછી નાખ્યું. ત્યાં દાદાને ખૂબ પ્રાર્થના કરી. દાદાનો અસીમ ચમત્કાર. ત્યારબાદ આજ દિન સુધી એમને કોઈ તકલીફ પડી નથી. કેટલા ય વર્ષથી દાદાની ભાવથી ભક્તિ કરે છે. કોઈ અડચણ હોય તો ૧૯ શ્રીફળની બાધા રાખે છે. તો બધી તકલીફ દૂર થઈ જાય છે. સર્વ મનોકામના પૂર્ણ થાય છે એવો અનુભવ છે..

## ૧૫. જૈનબાળકની ખુમારી

મુંબઈના કાંદીવલીનો હાર્દિક. એની ખુમારી એનાજ શબ્દોમાં વાંચો...

મને નાનપણથી જ ઘરમાં સંસ્કારનું વાતાવરણ મળ્યું હતું. મારા દાદા-દાદી, નાના-નાની ખૂબ જ ધર્મિષ્ઠ છે. મારા મામાએ દીક્ષા લીધેલ છે. મારા મમ્મીએ પણ અમને ખૂબ જ સારા સંસ્કાર આપેલા અને દરરોજ થોડી વાર જોડે રહીને સારી શિખામણ આપતી. કંદમૂળ ના ખવાય, ચોરી ના કરાય, માતા-પિતાને અને ઘરના વડીલોને દરરોજ પગે લાગવું અને કંદમૂળ જેવા કે બટાકા, કાંદા,ગાજર જેની અંદર અનંતા જીવો રહેલા છે તેને તો આપણે અડાય જ નહી. બસ ત્યારથી જ મારા મનમાં એ વાત ઘર કરી ગઈ.

સાધર્મિકનો લાભ લેજો પણ લાત ન મારતા

છ વર્ષે હું પ્રથમ ધોરણમાં આવ્યો ત્યારે સરકારે નિયમ જાહેર કર્યો કે, 'શાળાઓમાં બાળકો માટે નાસ્તો જે મોકલાશે તે જ બાળકોને ખાવાનો રહેશે.' આ પૂર્વે તો હું ઘરેથી દૂધ પીધા વગર જ જતો હતો કારણકે દૂધ પીવાની સાથે જ મને પેટમાં દુખે અને ઉલટી થઈ જતી હતી. મમ્મી ડબ્બામાં કાંઈ આપે તો હું રીસેસમાં ખાઈ લેતો પણ આ જાહેરાત પછી હવે શું ?

બીજે દિવસે શાળાના શિક્ષકે કહ્યું, "હવે ઘરેથી કોઈ નાસ્તો લાવે નહીં" અને પ્રથમ જ વખત એક નાસ્તા વાળા બહેન મોટા તપેલા સાથે અમારા કલાસમાં આવ્યા અને કહેવા લાગ્યા ! ચાલો બાળકો ! "બટાટા પૌંઆ" આવી ગયા. જલ્દી જલ્દી તમારી ડીસ લો અને ખાવા લાગો.

મારા વર્ગમાં છ-સાત બાળકો જૈન હતા પણ કોઈની સામે બોલવાની હિંમત ન હતી. બધાને પૌંઆ પીરસાઈ ગયા પછી હું એકલો જ બાકી હતો. મને તે બેને કીધું કે, "ચલ બેટા ! તું પણ લઈ લે." મારે શું કરવું તેની મને ખબર પડી નહીં. **તે છતાં મેં ના પાડી કે મારે ખાવું નથી.** મારા શિક્ષક બાજુમાં જ ઊભા હતા. તે કહે "કેમ હાર્દિક ! ના પાડે છે ? ચલ જલ્દી કર ! ડીસ લઈ લે ! તે બહેનને બીજા વર્ગમાં પણ નાસ્તો પહોંચાડવાનો છે." મેં ફરી ના પાડી તો તેઓ ગુસ્સે થઈ ગયા. ત્યારે મેં કીધું "બહેન ! હું જૈન છું. અમે બટાટાપૌંઆ ખાતા નથી." શિક્ષક કહે કે, "નાસ્તો હવે જે આવશે તે ખાવો પડશે. ઘરનો નાસ્તો ચાલશે નહી." હું માત્ર છ વર્ષનો. મારું કાંઈ ચાલે નહીં. મેં ડીશમાં પૌંઆ લીધા. મારી જગ્યા પર બેસી ગયો. થોડી વારમાં નાસ્તાવાળા બહેન બાજુના વર્ગમાં

જતા રહયા. **પછી તરત જ મેં ડીસ ફેંકી દીધી. તે જોઈ મારા વર્ગ શિક્ષક ચોંક્યા. હું પણ અંદરથી ખૂબ જ ગભરાયો પણ મમ્મીના શબ્દો યાદ આવ્યા કે કયારેય પણ ગભરાવું નહી. મુશ્કેલીમાં ભગવાનને યાદ કરવા એટલે બધી મુશ્કેલી જતી રહે.** શિક્ષક ગુસ્સામાં તો હતા જ એટલે જયારે છુટવાનો બેલ પડયો, ત્યારે મને બહાર ન જોતા મારી મમ્મી મને અંદર લેવા આવી. શિક્ષકે જે ઘટના બની તે બધી જ મમ્મીને કહી. ત્યારે મમ્મીએ કહયું ''મારા બાળકે જે વર્તન કર્યું છે તે બદલ ક્ષમા. પણ અમે જનમથી જ બટાકા, કાંદાવાળી વસ્તુ ખાતા નથી. **અમારે તેનો ત્યાગ હોય છે. તમે નાસ્તામાં જૈન વસ્તુ બનાવડાવો, નહિંતર જૈન માટે ઘરેથી ડબ્બો લાવવાની છૂટ આપો.''**

શિક્ષક કહે,''મારે મન બધા જ બાળકો સરખા, તમે જૈન એટલે તમને ડબ્બો લાવવાની છૂટ એવું હું નહી કરું. તમારા બાળકને અહીંનો નાસ્તો ખાવો હોય તો ખાય, નહી તો રહે ભૂખ્યું'' અને કહેવા લાગ્યા, ''તમારા જૈન લોકોની માથાકૂટ ઘણી હોય છે.'' વર્ગ શિક્ષકને એમ કે ભૂખ્યાની ધમકી આપશું એટલે સીધા થઈ જશે અને નાસ્તો કરવા લાગશે. પણ માની જાય એ બીજા. મારી મમ્મી એમાંની ન હતી. વર્ગ શિક્ષકને કેટલી આજીજી કરી પણ કોઈ રસ્તો નીકળતો ન હતો. **આમને આમ મહિનો થઈ ગયો. હું સવારે ખાધા-પીધા વગરનો જાઉં ને એક વાગ્યે ઘરે આવું ત્યારે જમું.**

મમ્મી-પપ્પાનો બહુ જ જીવ બળી જતો હતો. મને પણ મારા શિક્ષક પર ખૂબ જ ગુસ્સો આવતો. રીસેસમાં બધા જ બાળકો ખાતા અને હું એક બાજુ બેઠો હોઉં.

**કર્મ સત્તાનું ATM = એની ટાઈમ મોત**

મમ્મી-પપ્પાથી રહેવાયું નહીં. પછી વિચાર કર્યો કે જેટલા જૈન બાળકો છે તેમના માતા-પિતાને મળીએ. શાળા છૂટે એટલે રોજ બાળકોને માતા-પિતા લેવા આવે. ત્યારે મમ્મી-પપ્પાએ તેમને બધી વાત કરી અને કહયું કે, ''આપણે અત્યારે જો બાળકોના ભવિષ્યની વાત નહી કરીએ તો આગળ જતા આપણું બાળક બધું જ ખાતો થઈ જશે.'' બધાને હાથ જોડી વિનંતી કરી. પછી શાળાના પ્રિન્સીપાલને મળવાનું નક્કી થયું અને તેમને મળ્યા અને વાત કરી. પહેલા તો પ્રિન્સીપાલે કહ્યુ ''હું શું કરું ? હું આમાં કાંઈ જ ના કરી શકું.'' એવુ ચોક્ખુ જ સંભળાવી દીધુ. હવે શું કરવું તે મમ્મી-પપ્પાને સૂઝતું ન હતું. ચાર-પાંચ વખત પ્રિન્સીપાલને મળ્યા પણ એ જ વાત. આમને આમ બીજા પંદર દિવસ વીતી ગયા. **પ્રિન્સીપાલે તો શાળા છોડીને બીજે જવાની વાત કરી.** સહુ ડઘાઈ ગયા. શું કરવું ?

મમ્મીને ધર્મ પર ખૂબ જ શ્રદ્ધા. તે રોજ મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરતી જ હોય. રોજ પ્રાર્થના કરતી હોય કે માની જાય તો સારું . છેલ્લી વખત પ્રિન્સીપાલને મળવાનો નિર્ણય કર્યો અને કહ્યું,''તમે અહીં કોઈ બહેન જોડે જૈન નાસ્તો બનાવડાવો અમે તેનો જેટલો ખર્ચ થશે તે આપી દઈશું.'' થોડીવાર વિચાર કરી તેમણે તે કરવાની પરવાનગી આપી. અને જૈન બાળકો માટે ઈડલી-ચટણી, ખીચડી વિગેરે આપવાનો વિચાર કર્યો. **અમે સૌ ખૂબ જ ખુશ થઈ ગયા. દોઢ મહિના સુધી કંદમૂળ આદિ અભક્ષ્યના પાપથી બચવા માટે જે મહેનત કરવી પડી કે ભૂખ્યા રહેવું પડયું તેનો મને ગર્વ છે.**

**ધર્મ સત્તાનું ATM = એની ટાઈમ મોક્ષ**

મારી મમ્મીને ધર્મ પર ખૂબ જ શ્રદ્ધા છે. મને ચાર વર્ષે કલ્લાણ-કંદં સુધી કરાવ્યું અને દસ વર્ષે મને અતિચાર સંઘમાં બોલતો કરાવ્યો. અને ૫૦૦ ગાથા કરાવી. અત્યારે હું પંદર વર્ષનો છું પણ નાનપણથી જ નાહી-ધોઈને પહેલા એક કલાક ધાર્મિક અભ્યાસ કર્યા પછી જ પૂજા કરી નવકારશી કરવાની. **મમ્મી આજે પણ કહે છે 'જેટલુ શાળાનું ભણતર જરૂરી છે તેટલું જ ધાર્મિક ભણતર પણ જરૂરી છે.** અને જિંદગીમાં કયારેય પણ હાર નહી માનવી. સંકટ સમયે દિલથી પ્રભુને યાદ કરશો તો જરૂર પ્રત્યક્ષ પ્રભુના ચમત્કારનો અનુભવ થાય છે જ...'

## ૧૬. કલિકાલ કલ્પતરૂ

આજથી થોડા વર્ષ પહેલાની વાત છે. મુંબઈના એક શ્રાવકને મશીન ટુલ્સનો ધંધો હતો. ધંધામાં મંદી આવી અને ધીરે ધીરે ધંધો બંધ થઈ ગયો. ઘરે લેણદારોના ચક્કર શરૂ થઈ ગયા. તેમને આપઘાત કરવાનું મન થતું હતું. એમાં વળી શ્રાવિકાને ફણા કાઢીને બેઠા હોય એવા સાપ દેખાતા હતા. રસ્સી હોય એમાં પણ સાપ દેખાયાની ભ્રમણા થતી હતી અને ખૂબ ડરી જતા હતા. **શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જાપ શરૂ કર્યા અને ધીમે ધીમે આર્થિક તકલીફો ઓછી થઈ. નવી નોકરી મળી ગઈ. બધું દેવું ચૂકવી દીધું.** શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પર ખૂબ જ શ્રદ્ધા થઈ અને આજ સુધી આ જાપ ચાલુ જ છે. આ દાદાના જાપથી આર્થિક સ્થિતિ સુધરી છે અને શ્રાવિકાને પણ સાપ દેખાતા બંધ થયા છે અને જાપના પ્રભાવે શંખેશ્વર પાર્શ્વનાથ દાદા દેખાય છે, તો કોઈક

વખત પાર્શ્વ યક્ષ દેખાય છે, તો કોઈક દિવસ પદ્માવતી દેવી દેખાય છે.

## ૧૭. સંકલ્પયુક્ત શ્રદ્ધાનો મહાપ્રભાવ

અમદાવાદના શિલ્પાબેનના જીવનમાં નવકાર જાપથી થયેલ ચમત્કારનો અનુભવ તેમના જ શબ્દોમાં વાંચો...

"અમે ત્રણ બહેનો અને એક ભાઈ. માતા-પિતાના જૈન ધર્મના સંસ્કાર. અમારા જીવનમાં ઘટેલી આ વાત આપને કહેતા આનંદ અનુભવું છું અને જૈન ધર્મ પામવાનો ગર્વ અનુભવું છું. લગભગ સાત વર્ષ પહેલા ઈ.સ.૨૦૦૭ની આ વાત છે. ભાઈના લગ્ન પછી એકાદ વર્ષે ભાભીને ગુડ ન્યુઝ હતા. બધા ઘરમાં ખુશ હતા. ૨૦ વર્ષ પછી ઘરમાં નવો મહેમાન આવશે. બધુ નોર્મલ હતું પણ...

ભાભીના છઠ્ઠા મહિનાની સોનોગ્રાફી રીપોર્ટે બધું બદલી નાખ્યું. રીપોર્ટમાં આવ્યું કે બાળકની એક કીડની ખરાબ છે, તેમાં વધવાની કોઈ પણ ક્ષમતા નથી. આના લીધે બાળકમાં કોઈ પણ ખોડખાંપણ હોઈ શકે અને એ જન્મીને પણ કેટલા વર્ષ સુધી જીવી શકશે ? એ પ્રશ્ન છે. ડૉકટરે કહ્યું કે એના કરતા ગર્ભપાત કરાવી દેવો વધુ સારો.

અમારા ઉપર તો જાણે આભ ફાટી પડ્યું. બધો આનંદ ઓસરી ગયો. ડૉકટરની વાત સાંભળી બધા ચોંકી ઉઠ્યા. હવે શું કરવું ? તે સુઝતું ન હતું. પણ મારા મમ્મી અડીખમ રહ્યા. **એમણે કહ્યું, "જે કર્મમાં હશે તે થશે પણ જન્મનાર બાળકની હત્યાનું પાપ**

**આપણે નહી કરીએ. મને મારા પરમાત્મા અને ધર્મમાં પૂરો વિશ્વાસ છે એ કયારે ય ખોટું થવા નહી દે.''** બસ, એ દિવસથી જ મમ્મીએ નવકાર મહામંત્રનો જાપ શરૂ કર્યો. ૧૨-૩૯નો સમય. એક જ આસન અને એક જ સ્થાને મહામંત્રનો જાપ અતિ ભાવપૂર્વક એકાગ્રતા સાથે કરતા મમ્મીને નવકારમાં અતૂટ શ્રદ્ધા. નવ મહિના પૂરા થયા અને એક સુંદર બાળકનો જન્મ થયો. એક બાજુ ખુશી કે,'' છોકરો થયો પણ બીજી બાજુએ દુઃખ કે કેટલા મહિના સુધી આપણી જોડે રહેશે? ડૉકટરે કહ્યું કે,''કીડનીનું ઈન્ફેકશન શરીરના બીજા અવયવ બગાડી શકે છે એટલે આપણે બાર મહિના સુધી દવા ચાલુ રાખશું, પછી ઓપરેશન કરી કીડની કાઢી લઈશુ.'' દિવસો જતા હતા અને જોડે જોડે ચિંતા પણ વધતી હતી કે શું થશે ? **મુંબઈની મોટી મોટી હોસ્પિટલમાં બતાવ્યું પણ બધે એક જ જવાબ કે ઓપરેશન કરાવવું જ પડશે. બીજી બાજુ નવકારના જાપ ચાલુ જ હતા.**

એ દિવસ આવ્યો. મમ્મીએ સંકલ્પ કર્યો. **''જો મારો પૌત્ર ઓપરેશન કર્યા વિના સાજો થઈ જશે તો હું સિદ્ધચક્ર મહાપૂજન ભણાવીશ.''** ઓપરેશન માટે રૂમ તૈયાર થયો. ડૉકટરોએ ઓપરેશન પહેલા ટેસ્ટ કરવાનું કહ્યું. ટેસ્ટ થયો. બધાના આંખમાં આંસુ હતા. આટલા નાના બાળકનું ઓપરેશન!! પ્રભુ ! હવે તો તું જ આધાર છે. ડૉકટરે અમને કેબીનમાં બોલાવ્યા અને કહ્યું ''Unbelievable, it is a Miracle, મારા જીવનમાં આવું પહેલી જ વાર થયું છે કે જે કીડનીને કાઢવાની વાત હતી તે આટલી સરસ રીતે કામ કરી રહી છે. **આવું કેવી રીતે થયું તે મને**

**સમજમાં નથી આવતું.''** ત્યારે મમ્મીએ જવાબ આપ્યો કે મારા ધર્મ અને નવકારના જાપના પ્રભાવે. ત્યારે ડૉકટરે કહ્યું **''તમારા ધર્મને મારા સલામ!''**

દુ:ખના આંસુ હર્ષમાં બદલાઈ ગયા. ઓપરેશન કેન્સલ થયું. આજે મારો ભત્રીજો સાત વર્ષનો છે અને હેમખેમ છે. જયારે જયારે આ પ્રસંગ યાદ કરું છું ત્યારે ત્યારે મારો વિશ્વાસ ધર્મ ઉપર વધુ ને વધુ ગાઢ બનતો જાય છે. જે Science માટે Impossible છે તે જૈન ધર્મ માટે possible છે.

## ૧૮. જપો નવકાર

ચેન્નઈના હંસાબેનના જીવનનો બનેલો પ્રસંગ તેમના જ શબ્દોમાં વાંચો...

''એક વખત હું, દીકરી-જમાઈ, મારા પતિદેવ,દોહિત્ર અને દોહિત્રી અમેરિકામાં જંગલમાં ફરવા ગયા હતા. જંગલ ખાસ્સુ એવું મોટું હતું. દૂર દૂર કોટેજો હતા. અમે પણ એક એવો જ કોટેજ બુક કરાવેલો હતો. અમે દિવસના જ ત્યાં પહોંચી જવાના હતા કે જેથી કોટેજ ગોતવાની તકલીફ ના પડે, પણ અમુક કારણોસર અમને ખૂબ જ મોડુ થઈ ગયું. જંગલ અને રાતનો સમય. લગભગ ૧૨ અને ૧ વાગ્યા વચ્ચેનો સમય. અમે રસ્તામાં ભૂલા પડ્યા. ચારે બાજુ ગાઢ અંધકાર. એક અમારી ગાડીની હેડલાઈટ સિવાય જરા પણ અજવાળું નહીં. અમે ગભરાયા કે હવે કેવી રીતે રસ્તો શોધવો ? આવા નિર્જન જંગલમાં શું કરવું તે સમજાતું ન હતું. એક તો જંગલ અને બીજો અંધકાર.

એવામાં મને નવકાર મહામંત્ર ગણવાનું સૂઝયું. મેં બધાને કહ્યું કે, ''નવકાર મંત્રનું રટણ ચાલુ કરો.'' થોડીક વારમાં તો બીજી ગાડી આવતા જોઈ. તેને રોકીને પૂછપરછ કરી. તેણે માર્ગ બતાવ્યો. ફરીથી અમે રસ્તો બદલીને જયાં અમારું કોટેજ હતું, ત્યાં પહોંચ્યા પણ મુશ્કેલી અમારો પીછો છોડે તેમ ન હતી. ત્યાં તાળુ હતું, ત્યાં એવી વ્યવસ્થા હતી કે જયારે તમે કોટેજ બુક કરાવો ત્યારે તમને કોટેજના તાળાનો કોડ નંબર આપી દે જેથી તે નંબર લગાવતા તાળું ખુલી જાય. **અમારા કમનસીબે એ કોડ નંબર જ અમે ભૂલી ગયા.** રાતના સમયે ફોન કરીને પણ કોડ નંબર પૂછાય તેમ ન હોવાથી અમે ફરી મુંઝાઈ ગયા. એક બાજુ ડર, બીજી બાજુ ઠંડી, ત્રીજી બાજુ ગાઢ અંધકારમાં હાથ પણ ન દેખાય એવી પરિસ્થિતિ. **ફરીથી નવકાર મંત્રના જાપ એકાગ્રતાથી ચાલુ કરીને જાપ કરતા કરતા ચાર એકડા (૧૧૧૧) નંબર લગાવ્યો અને નવકાર મંત્રના ચમત્કારથી તાળું તરત ખુલી ગયું.** અમે બધા અંદર જઈ નવકાર મંત્રની વાતો કરતા કરતા સૂઈ ગયા. બીજે દિવસે સવારે કોડ નંબર જાણવા ફોન કર્યો ત્યારે ટુર્સવાળાએ કોઈ બીજો જ નંબર (૨૪૫૬) આપ્યો. ત્યારે અમે કહ્યું કે અમે તો ૧૧૧૧ નંબરથી તાળું ખોલ્યું. તો એ અમેરિકન માનવા જ તૈયાર ન થયો. પછી અમે બધી વાત કરી ત્યારે એ પણ અહોભાવથી ઝૂકી ગયો. હવે ૨૪૫૬ના બદલે ૧૧૧૧ નંબર લગાવવાથી તાળું ખૂલે ખરું ? કહેવાયું છે કે આપત્તિ ચાહે દુનિયાની ગમે તે હોય પણ, ચાવીની માસ્ટર કી એટલે જપો નવકાર... જપો નવકાર....

**લગ્ન પૂર્વે દીલની વાતો , લગ્ન બાદ દિમાગની વાતો ?**

## ૧૯. યુવાનની ખુમારી

આજથી પ્રાયઃ વર્ષ પહેલા પૂ. મુનિશ્રી મૃદુસુંદર વિ.મ.સા. જયારે હિરેનને સમાધિ આપવા ગયા ત્યારની વાત તે જ મહાત્માના શબ્દોમાં વાંચો.

"ગોરેગામથી સાન્તાક્રુઝ તરફ વિહાર કરી રહેલા ત્રણ સાધ્વીજી તથા વિહારમાં સાથે રહેલ એક શ્રાવક-યુવાનનો સવારે ૬-૩૦ વાગે જોગેશ્વરી એસ.વી.રોડ પર અકસ્માત થયો હતો. મિલ્કવાનવાળાએ હડફેટમાં લેતા પૂ. સાધ્વીજી ભગવંતો ને ઈજા થઈ હતી. કોઈ જાનહાનિ થઈ ન હતી. પણ સૌથી વધુ ઈજા આ યુવાન હિરેન (ઉં.-૩૩વર્ષ)ને થઈ હતી. **ટેમ્પો તેને ૩૦ ફૂટ ઘસડી ગયો.** બ્રેઈન હેમરેજ થતાં બ્લડ ક્લોટ થઈ ગયું હતું, ગંભીર ઓપરેશન થાય તેવી શક્યતા હતી, પણ દેવકૃપાથી દવાથી જ કલોટ નીકળી ગયો. જોખમ ટળી ગયું. પગમાં માર લાગ્યો છે, ૪ દિવસ પહેલા જ હિન્દુજા હોસ્પિટલમાંથી રજા મળી છે. વોકરથી ધીમે ધીમે ચાલી શકે છે. ફીઝિયોથેરાપીથી ૬-૧૨ મહિને કદાચ સંપૂર્ણ સાજો થશે તેવું લાગે છે."

હવે આ યુવાનની પરિણતિની વાત...

પ.પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજય અભયશેખરસૂરિજી મ.સા.ને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. લગ્ન કર્યા નથી. સમકિત ગ્રુપનો સક્રિય કાર્યકર્તા છે.કોઈ પણ સાધુ-સાધ્વીજી ભ. વિહાર કરે તો અચૂક છેક સુધી સુરક્ષા માટે સાથે રહેવાનું. ટોર્ચ-સીટી વગેરે ઉપકરણો પણ સાથે રાખે. વેયાવચ્ચ એ એના શોખનો વિષય છે. મધ્યમ સ્થિતિ છે. દીક્ષાની ભાવનામાં રમે પણ ઢચુ-પચુ ! અકસ્માત થયા પછી દીક્ષાનો નિર્ણય પાક્કો કર્યો. હિરેન પાસે ગયો ત્યારે ૧૦-૧૫ મિ.

**મનની પ્રસન્નતા માખણ જેવી નાજુક છે.**

બેસવાનું થયું.મને આવેલો જાણી પ્રયત્નપૂર્વક માંડ ઊભો થયો. બેસવાનું કહેવા છતાં બેસે નહિ.

કેમ ? "આપની ખુરશી કરતા મારો પલંગ ઊંચો છે આશાતના થાય." નીચું ટેબલ મંગાવી એના પર બેઠો. એના મોઢા પર ક્યાંય ઉદાસી, અફસોસ, દીનતા વગેરે જોવા પણ નથી મળ્યા. ખૂબ પ્રસન્નતા !

હવે એ યુવાનના જ શબ્દો...

"સાહેબ ! આપનો સ્વાધ્યાય ગૌણ કરીને પધારીને ખૂબ ઉપકાર કર્યો. સાહેબ ! આપનો આખો જ દીક્ષા-પ્રસંગ ઘુમરાય છે. હવે મારે સંસારમાં નથી રહેવું. બસ, સાજો થાઉં એટલી વાર છે. ચૈત્ર મહિને દીક્ષા થતી હોય તો વૈશાખ નથી કરવો. આપ આશિર્વાદ આપો. મારો આ મનોરથ વહેલી તકે પૂર્ણ થાય."

અકસ્માત અંગે એના શબ્દો...

"સાહેબ ! અફસોસ એટલો જ છે કે હું જેમના માટે વિહારમાં સાથે ગયો હતો, એમની સુરક્ષા હું ન કરી શક્યો. મને વાગ્યું એની મને જરાય ચિંતા નથી, કદાચ મરી ગયો હોત તો પણ વાંધો નહોતો, પણ પૂ. સાધ્વીજી ભગવંતોને ઈજા થઈ એનું ખૂબ દુઃખ થાય છે. અમે તો સાહેબ પલંગમાં પડ્યા રહીએ, પણ આપની તો આખી સાધના જ અટકી પડે. શરીરમાં ખોડ રહી જાય તો સંયમ શી રીતે પાળી શકાય ?"

ખૂબ આગ્રહપૂર્વક ગોચરી વહોરાવી. ના પાડવા છતાં માંડ માંડ ચાલીને દાદરા સુધી મૂક્વા આવ્યો. હૈયું ભરાઈ ગયું. ખરેખર એની પ્રસન્નતા, સમાધિ, દીક્ષાનો તલસાટ, શાસન અને

શ્રમણસંસ્થા પ્રત્યેનો ઉછળતો સદ્ભાવ જોઈ ભીના ભીના થઈ જવાયું.

આપ પ્રાર્થના કરજો કે આ યુવાન શીઘ્ર આરોગ્યને પામી ભાવ આરોગ્ય રૂપી સંયમની સાધના કરી આત્મ કલ્યાણ કરે.

## ૨૦. જાદુઈ સિક્કો

મૂળ સુરેન્દ્રનગરના મયૂરીબેને પોતે અનુભવેલ પ્રભુનો ચમત્કાર તેમના જ શબ્દોમાં હાથ જોડીને વાંચો.

"આજથી ૨૦ વર્ષ પહેલાનો પ્રસંગ છે. પહેલી જ વાર સુરેન્દ્રનગરની બાજુમાં જોરાવરનગર જવાનું થયું. પહેલી જ વખત મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાના ખૂબ જ આનંદિત બની દર્શન કર્યા. અને મનોમન બોલી કે જે ભાગ્યશાળી હશે તેને સાક્ષાત્ દાદાની સેવા પૂજાનો લાભ મળતો હશે. પ્રભુને ભાવપૂર્વક મનોમન જલદી દર્શન-પૂજા માટે પ્રાર્થના કરી. માનો યા ન માનો પણ **ત્રીજે દિવસે અચાનક જ મારી સગાઈ જોરાવરનગરમાં નક્કી થઈ ગઈ.** દાદાએ જાણે મારી પ્રાર્થના સાંભળી અને જીવનભર દાદાની સેવા-પૂજા-પ્રાર્થના-આંગીનો લાભ અપાવી દીધો. **હું મારા દાદાની દિવાની બની ગઈ.**

ચિંતામણી દાદા પ્રત્યેની મારી શ્રદ્ધા અખૂટ, અતૂટ અને અગાધ હતી. બે મહિનામાં જ હું પરણીને સાસરે જોરાવરનગર આવી. અને તે વર્ષથી જ દાદાની આંગી ખૂબ જ મનોહર અને એક-એક થી ચઢિયાતી કરતી. દાદા પ્રત્યે આત્મીયતા વધતી જ ગઈ. દરરોજ પૂજા કરીને આવીને હું સ્ટોરરૂમમાં જઈને દાળ-ચોખા વિ. પલાળતી અને પછી રસોઈ બનાવતી. એક દિવસ હું પૂજા

કરીને આવી ત્યાર પછી રસોઈ માટે ચોખાનો ડબ્બો ખોલ્યો અને **જેવી પહેલી વાટકી ચોખાની લીધી કે વાટકીમાં ચોખા સાથે ૧ રૂપિયાનો સિક્કો નીકળ્યો.** એ સિક્કો મેં દહેરાસરની ડબ્બીમાં મૂકી દીધો. મને થયું કે ભૂલથી કોઈનાથી ડબ્બામાં પડી ગયો હશે. બીજા દિવસે હું પૂજા કરીને આવી. **ફરીથી ૧ રૂપિયાનો સિક્કો નીકળ્યો. ત્રીજા દિવસે, ચોથા દિવસે એમ રોજ રોજ ચોખાની પહેલી જ વાટકીમાં ચોખા સાથે ૧ રૂપિયાનો સિક્કો નીકળતો હતો.** અને હું એ રૂપિયા ડબ્બીમાં મૂકતી હતી.

એક દિવસ મને વિચાર આવ્યો કે, "લાવ! આખ્ખો ડબ્બો જ જોઈ લઉં કે કેટલા રૂપિયા ડબ્બામાં હશે.?" ચોખાની આખી મોટી પેટી ઠાલવી, એક પણ રૂપિયો ન મળ્યો. પાછી બીજા દિવસે પૂજા કરીને આવી અને વાટકીમાંથી રૂા. ૧ નો સિક્કો મળ્યો. અને મને આશ્ચર્ય અને કુતૂહલ થયું. મેં વિચાર્યું કે લાવને આજે તો ચોખાના મોટા પીપડામાં જોવા દે ને, કેટલા રૂપિયા નીકળે છે ? **ચોખાના પીપડામાં તપાસ કરી એક પણ રૂપિયો ન મળ્યો.**

હું નવી નવી પરણેલી હતી. મને થયું કે ૧૧-૧૨ દિવસથી આ રૂપિયો મળ્યા કરે છે તો મારા સાસુમા તો મારી કસોટી નહીં કરતા હોય ને ? અને મેં મમ્મીને પૂછ્યું કે, "મમ્મી! તમે ચોખાની પેટીમાં રૂપિયો મૂકો છો ? ૧૧-૧૨ દિવસથી મને રોજ ૧ રૂપિયો મળે છે." પરંતુ મમ્મીએ કહ્યું કે, તમે આવ્યા ત્યારથી મેં ચોખાની પેટી ખોલી પણ નથી," મેં મારા સાસુને પેટીમાંથી નીકળેલા રૂપિયા બતાવ્યા. **બીજા દિવસે પૂજા કરવા ગઈ. બસ.. એ જ દિવસથી રૂપિયો નીકળતો બંધ થઈ ગયો.**

**શેર બજારના ભૂકંપથી શેમ બજારમાં ન આવો તે જોજો**

નવી નવી પરણેલી મારા ભોળપણના કારણે, મારી સાચી સમજણ શક્તિના અભાવે મેં મારા સાસુને કહ્યું, તેના બીજા જ દિવસથી આ ૧ રૂપિયાનો ચમત્કાર બંધ થઈ ગયો. મને સાચી તો ત્યારે જ ખબર પડી કે જયારે મેં મારા પપ્પાને આ વાત કરી. મારા પપ્પાએ મને કહ્યું કે દાદાના તારા પર ચાર હાથ છે. અને તારી સાચી શ્રદ્ધા અને દાદા પ્રત્યેની પ્રીતિને કારણે જ તને આ ચમત્કાર થતો હતો. પરંતુ તું જાણી ના શકી અને આ ચમત્કાર તો તેં તારા સાસુને કહી દીધો, ત્યારથી આ ચમત્કાર બંધ થઈ ગયો.

મારા પપ્પાએ કહ્યું કે,"તારા જેવું જ આપણા મૂળ ગામ લખતરના પૂજારીને પણ અનુભવવા મળ્યું હતું. પૂજારી જેવા દહેરાસરના દ્વાર વહેલી સવારે ખોલે કે રોજ પૂજારીને ૧ શ્રીફળ અને ૧ ચાંદીનો સિક્કો મળતો હતો. થોડો સમય આ ક્રમ ચાલ્યો અને થોડા દિવસ પછી પૂજારીએ ટ્રસ્ટીઓને આ વાત કરી અને શ્રીફળ અને ચાંદીના સિક્કા બતાવ્યા. બીજે દિવસે પૂજારી દહેરાસરજીના દ્વાર ખોલવા આવ્યા પણ કશું ના મળે. કેમકે પૂજારીએ બીજા લોકોને પોતાને થયેલા ચમત્કારની વાત જણાવી હતી. પપ્પાએ કહ્યું કે,"કયારેય પણ બીજાને આવા સરસ ચમત્કારની વાત ન કરવી. ગંભીરતા ખૂબ જરૂરી ગુણ છે." આજે પણ એ નીકળેલા રૂપિયા મેં સાચવીને રાખ્યા છે.

## ૨૧. જીવદયા ધર્મસાર

**"એ ભાઈ ! આ કૂકડાને છોડી દે ! આમ પાંખથી પકડીને તો મારી નાખીશ."મોક્ષિત નામના નવયુવાને મહેસાણા હાઈવે પર બૂમ મારી.**

કૂકડાના માંસનો ધંધો કરનાર દુકાનદારે કહ્યું કે, "મારે તો આનો ધંધો છે. હું ન છોડું." મોક્ષિતે કહ્યું, "આ કૂકડો વેચતા કેટલી રકમ તને મળે ? દુકાનદારે આશરે ૨૦૦ રૂા. કહેતા **મોક્ષિતે ગજવામાંથી રૂા. ૨૦૦ કાઢીને આપી દીધા અને કૂકડાને બચાવી લીધો.** દુકાનદારે બીજો કૂકડો મારવા કાઢયો. બીજા ૨૦૦ રૂા. આપી મોક્ષિતે તેને પણ બચાવી લીધો. ત્રીજો કૂકડો પણ રૂા. ૨૦૦ આપી બચાવી લીધો. પરંતુ હવે વધારે રકમ સાથે ન હતી. ત્રણે કૂકડાને પાંજરામાં લઈ મહેસાણા પાઠશાળા પર પહોંચ્યો ત્યારે બીજા વિદ્યાર્થીઓએ પૂછતાં સત્ય હકીકત કહી. **બીજાઓએ ધડાધડ રૂપિયા ભેગા કરી ફરી પાછા તે દુકાનદાર પાસેથી શક્ય તેટલા કૂકડા છોડાવી લાવ્યા** અને બીજા દિવસે પાંજરાપોળમાં મૂકી આવ્યા. જેટલા લોકોએ જાણ્યું ત્યારે સહુ મોક્ષિતની જીવદયાની ખૂબ અનુમોદના કરવા લાગ્યા.

હે જીવદયા પ્રેમીઓ ! ગાય અને બકરાની જેમ કૂકડા, મરઘા બચાવવામાં પણ પાછી પાની નહીં કરોને ?

## ૨૨. એક પ્રગટયો જૈન સિતારો

પ.પૂ.યોગનિષ્ઠ કેસરસૂરીશ્વરજી મ.ના સમુદાયના સાધ્વીજી પૂ. દિવ્યપ્રજ્ઞાશ્રીજીની સાથે વ્હીલચેર ચલાવનારા મંગલબેન કે જેઓ મરાઠી છે. પૂર્વભવના કોઈક પુણ્યના યોગે વ્હીલચેર ચલાવવા સાધ્વીજી જોડે રહેવાનું થયું.

સાધ્વીજીએ નવકારના પ્રભાવ ના અનેક ચમત્કારો સમજાવ્યા અને મંગલબેને શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્ર ગ્રહણ કર્યો. એક જ આસન પર બેસી એકાગ્રતા અને **ભાવ સાથે દસ બાંધી નવકારવાળી એક સાથે ગણી અને જાણે નવકારમંત્ર સિદ્ધ થઈ**

**ગયો.** પછી તો વારંવાર સમય મળે અને નવકાર ગણતા થયા.વ્હીલચેરમાં સાથે મંગલબેન પોતાના માટે કાચા પાણીની બોટલ રસ્તામાં પીવા રાખતા. સાધ્વીજીએ સમજાવ્યું કે, "અમારે કાચા પાણીને ન અડાય. વ્હીલચેરમાં તમે કાચા પાણીની બોટલ રાખો તે પાપ અમને લાગે. આ સમજાવતા જ મંગલબેને **તે જ દિવસથી ઉકાળેલું પાણી ચાલુ કર્યું.** વ્યાખ્યાનમાં એક વાર ગાજર-આલુ-કાંદાથી કેટલું પાપ લાગે તે સાંભળ્યું અને **જીવનભર માટે કંદમૂળનો ત્યાગ કર્યો.**

દોઢ મહિના બાદ મંગલબેન પોતાના ઘરે પાછા ગયા. ત્યારે ઘરમાં ત્રણ ભાઈઓ-ભાભીઓ, મમ્મી-પપ્પા, ભત્રીજા-ભત્રીજી બધાને નવકાર મંત્ર શીખવ્યો અને સાથે બધાને સમજણ આપી કંદમૂળનો ત્યાગ કરાવ્યો. એક ભાઈ વિનાયક આસામ મિલીટ્રીમાં કામ કરે છે. વિનાયક સવારે ત્રણ વાગે ઊઠી નવકારનો જાપ કરી પછી નોકરીએ જાય છે. **એક મહિનાના જાપના પ્રભાવે તેને મોટી પોસ્ટ પર પ્રમોશન મળ્યું.** હવે તો ઘરના સહુની શ્રદ્ધા ખૂબ વધી ગઈ. કોઈ તાંત્રિક વિધિ કરી ઘરના આંગણાંમાં કોઈ વિધિવાળી વસ્તુ મૂકી જાય તો વિનાયક ત્રણ નવકાર ગણી તે વસ્તુ ઉઠાવીને ફેંકી દે અને કશું થાય નહિ. આ જ ભાઈએ સાડા છ લાખ થી વધુ નવકાર પૂર્ણ કર્યા છે. અને 'નમો લોએ સવ્વસાહૂણં' આ પદનો એક લાખ વખત જાપ કર્યો છે.ઉજમણામાં મમ્મીને માટે સોનાની ચેઈન કરાવી આવ્યો. ખેતરમાં કામ કરનાર બધાને બે ખાનાના ટીફીન આપ્યા.

નાનો ભાઈ સાગર ૫૦ કિ.મી. દૂર સર્વિસ જાય છે, ત્યાંથી રજાના દિવસે જિનપૂજા કરવા નજીકના ગામમાં જાય છે. સતત એને પણ નવકારમંત્ર ચાલુ જ હોય છે. સાગરે ૩ લાખ ઉપરાંત નવકાર ગણ્યા છે. 'નમો લોએ સવ્વસાહૂણં' નો નવ લાખ જેટલો જાપ થયો છે. મંગલબેનના ઘરમાં સહુ માતા-પિતાને પગે લાગતા થઈ ગયા છે. **નાના ભાઈના લગ્ન વખતે પણ મંગલબેને સમજાવીને આલુ-કાંદા જમણવારમાં ન થવા દીધા.** પૂ.સાધ્વીજીની સાથે રહેલા મંગલબેને બે શાશ્વતી ઓળી ક્રિયા સહિત કરી છે. અઠ્ઠાઈ, સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ, ચંદનબાળાનો અઠ્ઠમ, પોષ દશમીનો અઠ્ઠમ કરેલ છે. પોષ દશમીનો અઠ્ઠમ કર્યો ત્યારે **તો ત્રણે દિવસ ૭ થી ૮ ફૂટ લાંબા સફેદ સર્પ ઘરની બહાર પ્રદક્ષિણા આપીને જતા જોયા હતા.** પારણા બાદ દેખાતા બંધ થયા.

મંગલબેન રોજ સવાર-સાંજ ઊભા ઊભા પ્રતિક્રમણ કરે છે. ઉકાળેલું પાણી, જિનપૂજા, ગુરુવંદન કરે. ગુરુભક્તિ પણ સુંદર કરે છે. **બે પ્રતિક્રમણ ઉપરાંત સંતિકરં, અજિતશાંતિ થઈ ગયેલ છે.** પૂજા વખતે સૂરીલા કંઠે સ્તવનો ગાય છે. લોકોને સાંભળવાની ઈચ્છા થઈ જાય છે. વિહારમાં અનેક સૂત્રો, સ્તવનો, પ્રતિક્રમણમાં બોલે. ત્યારે બેનો ખુશ થઈ જાય છે.

બિલિમોરાવાળા બેન ખુશ થઈ ઘરે લઈ ગયા અને સાડીનું કબાટ ખુલ્લું કરીને કહેવા લાગ્યા કે, "આમાંથી જેટલી સાડી પસંદ આવે તેટલી લઈ લો." મંગલબેને ના પાડતાં કહ્યું કે, **"મારે સાડી નથી જોઈતી. જો સંથારિયું ઘરમાં હોય તો આપો." જેથી રાત્રે ગાદીને બદલે સૂવા કામ લાગે.** કોઈ તકલીફવાળા ને જોઈ દયા આવી

**માલની ધમાલ કમાલને બદલે પાયમાલ ન કરે તે જોજો.**

જાય. એક માજીને ખાવા પીવાની તકલીફ હતી તો પ્રભાવનામાં મળેલ ગોળ તરત જ આપી દીધો. વિહારમાં ૧૦૦૦ નવકાર-૧૦૮ ઉવસગ્ગહરં ગણે છે.

એક વાર બાજુવાળાને ત્યાં તેમની ગાયને પ્રસવની ભયંકર પીડા થતી હતી. ખૂબ અવાજ કરે. જાનવરના ડૉક્ટરે દસ હજાર રૂા. ખર્ચ બતાવ્યો. બાજુવાળાની આર્થિક પરિસ્થિતિ એટલી ન હતી. મંગલબેન પાસે આવીને વાત કરી. રાત્રે બાર વાગ્યાનો સમય. **મંગલબેને ભાવપૂર્વક નવકાર ગણ્યા, દાદાના ફોટાને પગે લાગ્યા અને ગાય પર નવકાર ગણતા વાસક્ષેપ કર્યો અને પાંચ મિનિટમાં તો ગાયને પ્રસવ થઈ ગયો.** અને વાછરડાનો જન્મ થયો. આવા તો અનેક અનુભવો તેમના જીવનના છે.

શાસ્ત્રો કહે છે કે પૂર્વ ભવના કોઈક પાપના ઉદયે કેટલાક જીવોને જન્મ અજૈન કુળમાં, ધર્મ રહિતક્ષેત્રમાં મળે છે. પરંતુ સાથે સાથે પૂર્વભવમાં કરેલા ઘણા ધર્મના પ્રભાવે સત્સંગાદિના નિમિત્તથી જૈન ધર્મની આરાધનાઓ અને વીતરાગનો ધર્મ પ્રાપ્ત થાય છે. માત્ર એક દોઢ વર્ષમાં સાચા જૈનત્વને પામનાર મંગલબેનના જીવનમાં હજી પણ ખૂબ ધર્મારાધનાઓ વધે અને એમનું જીવન મંગલ બને એ જ પ્રભુને પ્રાર્થના...

## ૨૩. ચૌવિહારથી રક્ષા

એક સુશ્રાવકે સંતાનોને સુસંસ્કાર આપ્યા. બાળકોને નવકારશી, કંદમૂળનો ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, કયારેક પૌષધ કરાવે. દીકરો યુવાન થયો. ધંધો સંભાળવા લાગ્યો. એક વખત

એક લાખ રૂા. સાથે લઈ, મુંબઈ માલ લેવા જવાનું થયું. રસ્તામાં એક મુસાફર સાથે વાતચીત થઈ. તે પણ વેપારી એટલે ધંધાની ઘણી વાતો કરી. વાતવાતમાં પેલા વેપારીએ ખિસ્સામાંથી ચોકલેટ કાઢી અને આ યુવાન શ્રાવકને આપી.

રાત્રિભોજન ત્યાગ હોવાથી તેને ચોકલેટ ખિસ્સામાં મૂકી દીધી અને ખાવાનો ડોળ કર્યો એટલે પેલો વેપારી સમજયો કે ''ચોકલેટ ખાઈ લીધી.'' વેપારીએ કહ્યું કે, ''હવે તમે થોડીવાર સૂઈ જાઓ પછી હું સૂઈ જઈશ.'' યુવાન શ્રાવક સૂઈ ગયો. બે કલાક થયા પછી પેલાને જગાડયો. તરત જ યુવાન સફાળો થઈ ગયો. પેલા વેપારીને થયું કે,''આને ઘેન કેમ ન ચઢયું ? લાગે છે કે અહીં મારું કામ થશે નહીં.'' એણે ઉંઘવાનો ડોળ કર્યો અને થોડીવારમાં આ યુવાનને ખબર ન પડે તે રીતે ટ્રેન માંથી ઉતરી ગયો.

મુંબઈમાં યુવાન સંબંધીના ઘરે ગયો. ત્યાં નાનકડો ભત્રીજો અંકલ-અંકલ કરતો આવ્યો ત્યારે તેણે તરત જ ખિસ્સામાંથી ચોકલેટ કાઢીને આપી. છોકરાએ ચોકલેટ ખોલી અંદરમાં ચોકલેટ વચ્ચે ગુલાબી પાઉડર મૂકેલો દેખાયો. તપાસ કરતા ખ્યાલ આવ્યો કે **ઘેનનો પાઉડર છે.** જો ચૌવિહારના નિયમની દ્રઢતા ન હોત તો ઘેનમાં સૂઈ જાત અને પાસે રહેલી મૂડી લૂંટાઈ જાત.

## ૨૪. જય હો આયંબીલ તપનો

વિ. સં. ૨૦૩૫માં અરવિંદભાઈ હારીજથી અમદાવાદ રહેવા આવ્યા. કાલુપુરમાં અનાજની દલાલીનો ધંધો શરૂ કર્યો. પરંતુ નફાને બદલે બે વરસમાં મૂડી સાફ થઈ ગઈ. ઘરેણાં વેચ્યા

પછી પણ ઠેકાણું ન પડયું. એક ભાગ્યશાળીએ દર મહિને સાત ભયનો નાશ કરનાર સાત આયંબીલ કરવા પ્રેરણા કરી. આયંબીલની વસ્તુ જોઈને ઉલ્ટી કરનાર આ ભાગ્યશાળીએ છેવટે શ્રદ્ધાથી તકલીફ વચ્ચે પણ મહિનાના સાત આયંબીલ ચાલુ કર્યા. છ મહિનામાં તો અંતરાયો તૂટ્યા અને આયંબીલના પ્રભાવે જોરદાર ધંધો થવા માંડ્યો. આજ સુધી આર્થિક તકલીફ કયારેય થઈ નથી.

અંતરાય નિવારક આયંબીલ તપ સહુના જીવનમાં મંગલ કરજો !!!

## ૨૫. ઉદાર ભાવના

અમદાવાદના દીલીપભાઈએ ૪-૫ વર્ષ પૂર્વે પોતાની સોના-ચાંદીની દુકાન કરી હતી. દુકાનમાં એક દૂરના પરિચિત વ્યક્તિને કામ મળે એ હેતુથી નોકરીએ રાખ્યા. ૨ વર્ષ બાદ ખ્યાલ આવ્યો કે દુકાનમાંથી રોજ રોજ ૮-૧૦ હજારની વસ્તુ ચોરી કરતાં કરતાં ૨ વર્ષમાં આશરે ૧ કરોડ જેટલી રકમની ચોરી કરી છે. ભાગ્યશાળીએ વિચાર કર્યો કે મારે ત્યાંથી લીધેલા પૈસા છેવટે એને કામમાં આવશે, જૈનનો જ લાભ મળે છે એવી ઉદારતા પૂર્વક **એ વ્યક્તિને એક પણ રકમની માંગણી વગર નોકરીમાંથી રજા આપી.** આ સદ્ભાવનાનો ચમત્કાર હવે વાંચો.

બીજા બે જ વર્ષમાં બે કરોડથી વધારે નફો થયો. આજે પણ પેલી વ્યક્તિ માટે કયારેય દ્વેષભાવ નથી આવતો. આજે દુકાન સારી રીતે ચાલે છે.

**અછતમાં બચતની કિંમત સમજાય**

આ જ ભાગ્યશાળી દીલીપભાઈને આજથી થોડા વર્ષ પૂર્વે બીડીનું વ્યસન હતું. એના વગર ચાલે નહિ. મિત્રોના આગ્રહથી એક વાર પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ. સા. પાસે વંદન કરવા જવાનું થયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી ચૌવિહારનો નિયમ થોડાક સમય માટે લીધો. મિત્રો પૂજ્યશ્રીને કહે કે આને બીડીનો ત્યાગ કરાવી દો. પૂજ્યશ્રી દીલીપભાઈને અંદરની એક રૂમમાં લઈ ગયા. પોતાના ખોળામાં દીલીપભાઈનું માથું રખાવી ૨-૩ મિનિટ આશિર્વાદ આપ્યા. **બોલ્યા કે જા ! હવે તને બીડી યાદ પણ નહી આવે.** પૂજ્યશ્રીની કૃપાથી બીડી છુટી ગઈ. પછી તો ધર્મમાં ખૂબ આગળ વધ્યા. તત્ત્વજ્ઞાન સાંભળતા થયા. ઘરમાંથી બે જણે વર્ષીતપ કર્યો. શ્રાવિકા અને બે દિકરીઓ સાધ્વીજી ભગવંતના કામ સુંદર રીતે સંભાળે છે. દીલીપભાઈ એ કાયમી ચૌવિહારનો જીવનભરનો નિયમ લીધો છે. સાથે ટીવી ત્યાગ, કાયમી ઘરેણાં નહી પહેરવાનો નિયમ, કાયમી ઉકાળેલું પાણી વિગેરે ઘણી આરાધનાઓ કરી રહ્યા છે. વર્ષીતપના પારણા નિમિત્તે સગા-સંબંધીઓને બોલાવીને જમાડવાને બદલે શિબિર જેવી ધર્મ આરાધનાઓમાં ૫૧-૫૧હજારના લાભ લીધા.

આવી જ રીતે અનેક આરાધકો પણ જોરદાર આરાધના આજે પણ કરી રહ્યા છે. એ સહુની ભૂરી ભૂરી અનુમોદના !

## ૨૬. ઝળહળતા રત્નો

- સોહનલાલજીએ ૩૦૦ ડાયાબીટીસમાં ૩૧ ઉપવાસની આરાધના આનંદપૂર્વક સંપન્ન કરી હતી. રોગમાં તપ યોગની સાધનાની પરીણતિ.!!

- તપોવની નિહારે તેના મિત્ર સીંધીભાઈને દહેરાસર દર્શન અને ચૌવિહાર કરતાં કરી દીધા. મિત્રના ભાઈને પણ ચૌવિહાર છઠ્ઠ કરાવી સાત જાત્રા કરાવી તથા તે જ મિત્રના પત્ની ફિઝીયોથેરાપીસ્ટને કંદમૂળનો આજીવન ત્યાગ અને રાત્રિભોજન કાયમ બંધ કરાવ્યું. કેવી ધર્મ પમાડવાની ઊંચી પરીણતિ.!!
- કસ્તુરભાઈ એ એક વખત સરદાર વલ્લભભાઈને જમવા બોલાવ્યા. આવ્યા રાત્રે ૮ વાગે. કસ્તુરભાઈ કહે હું જૈન છું રાત પડી ગઈ છે. તમને જમાડી નહીં શકું. મારું જમવાનું નિમંત્રણ સૂર્યાસ્ત પહેલાનું હોય છે. પાણી આપી વિનય પૂર્વક વિદાય આપી. કેવી ધાર્મિક મક્કમતાની પરિણતિ.!!
- પાલેજ હાઈવે અમીત ઝવેરીની ફેકટરીમાં ૯૦૦ માણસ કામ કરે. બપોરે જમવાના અવસરે ફેકટરીમાં રાઉન્ડ મારવા નીકળ્યા. કારીગરોને મેલીઘેલી થેલીમાં વીંટાયેલ રોટલી મરચાં આદિ ખાતા જોયા અને વિચારમાં પડી ગયા, ‘‘પત્નીને કેટલી વહેલી રસોઈ બનાવવી પડતી હશે. અહીં જ બધાને જમાડું તો કેવું સારું’’ કારીગરોને બોલાવ્યા. પત્નીને પણ કહી દીધું કે મારું જમવાનું ફેકટરીમાં રહેશે. એકવાર સાંજે ૬ વાગ્યા પછી રાઉન્ડ મારવા નીકળ્યા. કેટલાક કારીગરોને કામ વધારે હોવાથી ઘરે જવામાં મોડું થઈ જતું જોઈને કારીગરોને કહ્યું કે ૬ વાગ્યાથી વધારે કામ કરવું નહિ. કેવી ઉંચી પરાર્થભાવની પરિણતિ.!!

**Most Talented Persion is Tensionless Person.**

❁ કલિકાલ કલ્પતરૂ પ્રગટપ્રભાવી દાદા શંખેશ્વરની યાત્રાર્થે સુશ્રાવિકા ગયા. પ્રથમ પૂજાનો ચઢાવો ૪ા લાખ રૂપિયામાં લીધો. તરત પેઢીમાં જમા કરાવ્યા બાદ જ સુશ્રાવિકાએ દાદાની પૂજા કરી. સુશ્રાવિકાએ કમાલ એ કરી કે પાંચ પાસ ૮૦ હજાર મણ સુધી બોલનારને આપીને કહ્યું કે તમારા જ કારણે ધનમુર્ચ્છા ઉતારવાનો મને અનુપમ લાભ મળ્યો છે. કેવી ઉંચી પ્રભુભક્તિની પરિણતિ.!!

## ૨૭. પટેલની ઉદારતા

❁ પરેશભાઈ પટેલની હાઈવે પરની જગ્યા. ધર્મભાવનાને લીધે વિચાર આવ્યો કે આ જગ્યા વેચતા પહેલા આમાંથી થોડીક જમીનમાં કોઈ ધર્મસ્થાન બને તો મને લાભ મળે. અમદાવાદ-પાલીતાણા હાઈવે પર ઘણીવાર આવતા જતાં ઉંચા ઉંચા જિનમંદિરો જોઈ ભાવ જાગ્યો કે જૈનોનું અહીં આવું મંદિર બને તો સારૂ. મિત્રો-પરિચિતોને વાત કરતાં ગુરૂભગવંતોનો સંપર્ક કરાવ્યો. પરેશભાઈએ ઉદારતાપૂર્વક ૪૦૦૦ વાર જગ્યા પાલીતાણા હાઈવે પર ગુંદી ફાટક પાસે (બગોદરાથી ૧૧ કિમી.) નિઃશુલ્ક(ફ્રી)આપી. આજે આ જગ્યાએ સુંદર વિહારધામનું નિર્માણ પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન મુજબ થઈ રહ્યું છે. જિનાલયનો શિલાન્યાસ આ જ વર્ષે થઈ ચૂક્યો છે. સાથે સાધુ-સાધ્વી ભગવંતો માટે બે ઉપાશ્રય તથા ભોજનશાળા પણ બનશે.

**આપત્તિ કાલે Tension માં Entry કે Temple માં Entry.**

## આ પુસ્તક પર ઘરે બેઠા પરીક્ષા આપનારા ભાવિકોના હૃદયના સૂર

### (૧) સુરેશભાઈ, ગાંધીનગર

૨૧મી સદીમાં દુરાચારોનો રાફડો ફાટ્યો છે. આવા કપરા કાળમાં સાધુ સાધ્વી પેદલ વિચરી દુરાચારી પ્રજાને સદાચારી બનાવવા મથી રહ્યા છે. ઉત્તમ જીવોના પ્રસંગોનું આબેહૂબ વર્ણન આ પુસ્તકમાં સરળ ભાષામાં કરેલ છે, જે વાંચનારના હૃદયમાં સોંસરવું ઉતરી જાય તેવું છે ! રોજ જિનપૂજા, રજાના દિવસે સામાયિક શરૂ કર્યું. મહિનામાં ૧૦ તિથિ બ્રહ્મચર્યનું પાલન કરીશ. ઈતર કોમના માણસોને આ ચોપડી વંચાવતા તેઓ નવકાર ગણતા થયા છે. પુસ્તકની પ્રભાવના કરવાનું નક્કી કરેલ છે.

### (૨) જૈનં, નારાયણનગર રોડ, ઉ.૧૭ વર્ષ

હું મારા મિત્રના ઘરે ચેસ રમવા ગયેલો. ત્યાં આ પુસ્તકનો ભાગ-૨ વાંચ્યો. ગમી જતાં પ્રાપ્તિસ્થાન પર જઈ છ ભાગનું પુસ્તક પેપર સાથે લીધું. પેપર પાછુ આપવાના છેલ્લા ૩ દિવસ બાકી રહ્યા હતા. પ્રથમ દિવસે ૭ થી ૧૨ પાંચ કલાકમાં એક જ બેઠકે પુસ્તક પૂરુ કર્યું. ફરી વાંચતા લાગ્યું કે પુસ્તક માત્ર વાંચવા અને જવાબ શોધવા માટે જ નથી પણ જીવનમાં ઉતારવા માટે પણ છે. વાંચતા શ્રધ્ધા ખૂબ વધી. પુસ્તકનો વધુ પ્રચાર કરવા મારા મિત્રોને પણ બે પુસ્તક લાવી આપ્યા. પ્રસંગો વાંચ્યા પછી રોજ ૧૪ નિયમ લેવાની ભાવના છે.

### (૩) પંક્તિબેન, ગાંધીનગર, ઉ.૨૧ વર્ષ

મારા ઘરમાં હું સૌથી નાસ્તિક ગણાઉ છું. મને કયારેય દેરાસર, પૂજા, સામાયિક ગમતા નહોતા. પુસ્તક વાંચન બાદ દેરાસર દર્શન, પૂજા કરવાનું ભૂલતી નથી. વ્યાખ્યાનમાં સળંગ ૨-૩ સામાયિક કરતી થઈ છું. સાથે ચોમાસામાં ૨૦ દિવસનો તપ પણ કર્યો.